Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

B. REGISTERED No. 156.

श्री

# જૈન ધર્મ પ્રકાશ.

પુસ્તક ૪૦ મું. } અંક ૪ થો. } { અશાડ { સંવત-૧૯૮૦

## अनुक्रमणिका.


| | |
|---|---|
| ૧ એક મહાત્માની અમુલ્ય ચેતવણી. ( પદ્ય ) | ૧૧૧ |
| ૨ સંસાર નૌકા. (પદ્ય) ( ભાઇલાલ સુંદરજી ) | ૧૧૨ |
| ૩ પડતા ઉપર પાટુ. (પદ્ય) ( ચુનાલાલ સૌભાગ્યચંદ ) | ૧૧૪ |
| ૪ ખરી શોભા શામાં રહેલી છે. ? ( સ. ક. વિ. ) | ૧૧૫ |
| ૫ સજ્જનતા શી રીતે સાંપડે ? ,, | ૧૧૫ |
| ૬ આતે કેવી કઠોરતા ને પાપપરાયણતા ? ,, | ૧૧૬ |
| ૭ સાર વચનો..... .... .... .... ,, | ૧૧૭ |
| ૮ નમન કરવા યોગ્ય નરો કોણ લેખાય ? ,, | ૧૧૭ |
| ૯ પ્રશ્નોત્તર. ( જીવનલાલ રાયચંદ-ખનેડા ) | ૧૧૮ |
| ૧૦ કુમારપાળ રાજાના રાસનું રહસ્ય..... .... .... .... | ૧૨૦ |
| ૧૧ જ્ઞાનીઓના સુવર્ણ વચનોની માળા. ( ચુ. સૌ. ) | ૧૨૬ |
| ૧૨ સુંદર બાળ વચનામૃત..... .... .... ( ભા. સું. ) | ૧૨૭ |
| ૧૩ પ્રશ્નોત્તર. ( ડાહ્યાભાઇ મોતીચંદ-ઓરપાડ ) | ૧૨૮ |
| ૧૪ તત્વાર્થનું રહસ્ય-વાર્ત્તા રૂપે..... .... ....( ચાલુ ) | ૧૩૩ |
| ૧૫ હિંમત ધરો..... .... ....( પી. એન. શાહ. થરા. ) | ૧૩૭ |
| ૧૬ જૈન સાહિત્ય પરિષદ્ સુરતમાં થયેલા ઠરાવો..... .... | ૧૩૮ |
| ૧૭ એક મુનિરાજે કરેલી ખાસ સૂચનાઓ..... .... .... | ૧૪૦ |
| ૧૮ સજ્જન દુર્જન વિષે દુહાનો તાત્પર્ય..... .... .... | ૧૪૦ |
| ૧૯ પુસ્તકોની પહોંચ..... .... .... .... .... .... | ૧૪૧ |
| ૨૦ જૈન યુવક પરિષદ્-ભાવનગર ( હેવાલ ને ઠરાવો ) | ૧૪૩ |


પ્રગટકર્ત્તા
વાર્ષિક મૂલ્ય રૂ. ૧-૮-૦ શ્રી જૈન ધર્મ પ્રસારક સભા.
પોસ્ટેજ રૂ. ૦-૪-૦ ભાવનગર.

ભાવનગર-શ્રી શારદાવિજય પ્રેસમાં શા. ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## અમારૂં પુસ્તકપ્રસિદ્ધિ ખાતું.

૧ છપાય છે.

૧ શ્રી ઉપમિતિ ભવપ્રપંચા કથા ભાષાંતર-વિભાગ ૨ જો. (બંધાય છે.)
૨ ,, વિભાગ ૩ જો.
૩ શ્રી ત્રિષષ્ઠિ શલાકા પુરૂષ ચરિત્ર ભાષાંતર-પર્વ ૭-૮-૯ (બંધાય છે.)
૪ શ્રી ધર્મપાલ દેશના. પ્રાકૃત. સંસ્કૃત છાયા સાથે.
૫ શ્રી ત્રિષષ્ઠિ શલાકા પુરૂષ ચરિત્ર ભાષાંતર. પર્વ ૩ થી ૬. (આવૃત્તિ ૩ જી)
૬ શ્રી ભોજ પ્રબંધ ભાષાંતર.
૭ શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર. મૂળ, સાર્થ. કથાઓ સહિત.
૮ નવાણુ યાત્રાનો અનુભવ. (આવૃત્તિ બીજી) બંધાય છે.
૯ શ્રી ઉપદેશ પ્રાસાદ ભાષાંતર. ભાગ ૪ થો. (આવૃત્તિ ત્રીજી.)

૨. તૈયાર થાય છે.

૧૦ શ્રી હેમચંદ્રાચાર્ય ચરિત્ર.
૧૧ શ્રી પ્રકરણ પુષ્પમાળા. વિભાગ ૩ જો. (નાના નાના પ્રકરણો-સાર્થ.)
૧૨ ચારે દિશાના તીર્થોની તીર્થમાળા. (સાર્થ)

---

૧ શ્રી ત્રિષષ્ઠિ શલાકા પુરૂષ ચરિત્ર ભાષાંતર. દશે પર્વો તથા પરિશિષ્ટ ભાષાંતર મળે છે. કિંમત દશે પર્વ લેનારના રૂા. ૧૧) ને પરિશિષ્ટ પર્વ રૂા.
૨ શ્રી ઉપદેશ પ્રાસાદ ભાષાંતર વિભાગ પાંચે લેનારના રૂા. ૯ાા
૩ શ્રી ઉપદેશ પ્રાસાદ. મૂળ. વિભાગ ૩-૪ કિંમત રૂા. ૩)-૩)
૪ શ્રી ઉપમિતિ ભવ પ્રપંચા કથા ભાષાંતર વિભાગ ૧ લાની બીજી આવૃત્તિ છપાવવી શરૂ થઈ છે.
૫ શ્રી અધ્યાત્મ કલ્પદ્રુમ-ત્રીજી આવૃત્તિ રૂા. ૨-૮-૦

---

## સભામાં નવા દાખલ થયેલા સભાસદો.

### લાઇફ મેમ્બર.

| | |
|---|---|
| ૧ શેઠ. મંજુભાઈ અમરચંદ. સુરતવાળા. | મુંબઈ. |
| ૨ શા. વીરચંદ કરશન કાળા | કામરોલ. |

### બીજો વર્ગ

| | |
|---|---|
| ૧ શા. વરધમાન પોપટલાલ | ભાવનગર. |
| ૨ શા. ચુનીલાલ લલ્લુભાઈ | ,, |
| ૩ શા. ભાણચંદ ખોડીદાસ | ,, |
| ૪ શા. જગભાઈ લલ્લુભાઈ | ,, |
| ૫ શા. અમરચંદ મુળચંદ | ,, |
| ૬ શેઠ. હીરાચંદ લખમીચંદ | ,, |
| ૭ શા. વાડીલાલ નગીનદાસ | બાવલા. |
| ૮ શા. [illegible] | જુના સાહુલકા. |
| ૯ શ્રી જૈન પાઠશાળા. હા. દોશી જેઠાલાલ માણેકચંદ | મુંદ્રડા. |
| ૧૦ શા. મંગળદાસ અમૃતલાલ ઠે. લાલવાડ. | ગોધરા. |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# जैन धर्म प्रकाश.

जं कल्ले कायव्वं, तं अज्जंचिय करेहु तुरमाणा ।
बहुविग्घो हु मुहुत्तो, मा अवरण्हं पडिक्खेह ॥ १ ॥

"જે કાલે કરવું હોય ( શુભ કાર્ય ) તે આજેજ અને તે પણ ઉતાવળે કર, કારણકે એક મુહૂર્ત ( બે ઘડી ) પણ ઘણા વિઘ્નવાળું હોય છે, માટે બપોર સુધી પણ ખમીશ નહીં"

...ર્ષ ૪૦ મું. ] અશાડ-સંવત ૧૯૮૦. વીર સંવત ૨૪૫૦. [ અંક ૪ થો.

## एक महात्मानी अमूल्य चेतवणी.

પરલોક સુખ માણવા, કર સારો સંકેત;
હજી બાજી છે હાથમાં, ચેત ચેત નર ચેત. ૧
જોર કરીને જીતવું, ખરેખરૂં રણખેત; દુશ્મન છે તુજ દેહમાં. ચેત૦ ૨
...ક્કલ રહીશ ગમાર તું, ફોગટ થઈશ ફજેત; હવે જરૂર હોંશિયાર થઇ, ચેત૦ ૩
...ન ધન તે તારાં નથી, નથી પ્રિયા પરણેત; પાછળ સૌ રહેશે પડ્યાં, ચેત૦ ૪
પ્રાણ જશે જ્યાં પિંડથી, પિંડ ગણાશે પ્રેત; માટીમાં માટી થશે, ચેત૦ ૫
...ક્ષા ન ગણા રાજ્યા, સુરનર મુનિ સમેત; તું તો તરણા તુલ્ય છે, ચેત૦ ૬
...ણ તારા રઝળશે, જેમ રઝળતી રેત; પછી નરતન પામીશ ક્યાં, ચેત૦ ૭
માટે મનમાં સમજીને, વિચારીને કર વેંત; ક્યાંથી આવ્યો ક્યાં જવું, ચેત૦ ૮
...ળા કેશ મટી ગયા, સઘળા થયા સફેદ; જોબન જોર જતું રહ્યું, ચેત૦ ૯
...ભ શિખામણ સમજ તો, પ્રભુ સાથે કર હેત; અંતે અવિચળ એજ છે, ચેત૦ ૧૦

વીરચંદ પુંજમલ શાહ. મુ. વડા.

For Private And Personal Use Only

# संसार नौका.

( હરિગીત. )

સંસારસાગરના તરંગોમાં અનન્તી વાર સહુ,
આપણ ડુબ્યા અડફટ ચડ્યા બેઠ્યા ખડક ઉંનાં બહુ;
ઉંચા ચડ્યા નીચા પડ્યા તદપિ નહીં પહોંચ્યા તટે,
કાયારૂપી નૌકા મળી ભવસિંધુ પાર જવું ઘટે. ૧
ઉદધિતણાં વિકરાળ મત્સ્યની ઉદર ઉંડી ગુફા વિષે,
કીધાં અપાર પ્રવેશ કાળ કરાળના અનુભવ વિષે;
છેદન થયાં ભેદન થયાં પણ કર્મ નાશ નવિ મટે,
કાયારૂપી નૌકા મળી ભવસિંધુ પાર જવું ઘટે. ૨
તિર્યંચ દેવ મનુષ્ય નારકી ચાર ગતિ ચક્રે ચડ્યા,
કુકર્મનાં ફળ રૂપ પારાવાર તીવ્ર દુઃખો સહ્યાં;
કરૂણાજનક રૂદનથકી રિપુ હારી નવ પાછા હઠે,
કાયારૂપી નૌકા મળી ભવસિંધુ પાર જવું ઘટે. ૩
વીતરાગ દેવ સુસંત સદ્ગુરૂ સુખદ શ્રાવક ધર્મનાં,
સંયોગ સાનુકૂળ થયા નિસ્તાર માટ કુકર્મનાં;
અભિલાષ અંતરમાં અધુના સુખતણી યદિ ઉલટે,
કાયારૂપી નૌકા મળી ભવસિંધુ પાર જવું ઘટે. ૪
વાવ્યાં હશે કો ભવતણાં અંકુર પુણ્યબીજો તણા,
તેથી મળ્યો નૃજન્મ શ્રેષ્ઠ સુદેશ ભારત શી મણા;
શ્રી વીરશાસન સુધા ભાગ્યને નહીં કશી ઉપમા ઘટે,
કાયારૂપી નૌકા મળી ભવસિંધુ પાર જવું ઘટે. ૫
નરભવતણાં ટુંકા જીવનમાં વ્યર્થ વળી શૈશવ વહે,
વ્યવહાર શિક્ષણ વિત્ત માટે યુવક કાળ ઘણો વહે;
મોહમદિરા તાનમાં રચના નહીં 'વીરને' રટે,
કાયારૂપી નૌકા મળી ભવસિંધુ પાર જવું ઘટે.
અંતર અનંગ અરિ અનલ એ આત્મનાં ઓજસ હરે,
લાવણ્ય લુંટે શરીર કેરી શક્તિ પળ પળ ક્ષિણ કરે;
થઇ જીર્ણ હોડી જ્યાં સુધી ભાંગે નહીં જાતું તટે,
કાયારૂપી નૌકા મળી ભવસિંધુ પાર જવું ઘટે. ૭

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ મધ્ય સાગર પહોંચતાં તન નાવ ચગડોળે ચડે,
ચોપાસ પ્રેતસ્થાનથકી મૃત્યુપડહ જો ગડગડે;
છોડી ઉંચી વળતાં ભવોદધિમાં પુનઃ ડુબવું પડે,
કાયારૂપી નૌકા મળી ભવસિંધુ પાર જવું ઘટે. ૮

વ્યસન સુખ ઉપભોગ કાજે ભ્રમર ! આ કાયા નથી,
વિષય જળને ઝીલવા રે પાન્થ ! આ કાયા નથી;
ગફલત ન આ જકડાય આત્મા કર્મનાં કોળાં પડે,
કાયારૂપી નૌકા મળી ભવસિંધુ પાર જવું ઘટે. ૯

સ્વપર સ્ત્રીજન વૃંદ રૂપ નીહાળવા નેત્રો નથી,
વિષપૂર્ણ પ્રેમાલાપ ને ગીત સુણવા શ્રોત્રો નથી;
દર્શન પ્રભુના શાસ્ત્ર તત્ત્વ સદા શ્રવણ કરવાં ઘટે,
કાયારૂપી નૌકા મળી ભવસિંધુ પાર જવું ઘટે. ૧૦

સંસારસુખ વિષપાન કરી અભિમાન કો નહિ આણશો,
ભરતી પછી છે ઓટ એ કુદરત નિયમ અવધારશો;
રંક ચક્ષુથકી સરન્તા અશ્રુને ઝીલવા ઘટે,
એમાં ખરેખર ! ધન્ય આપણું જીવન આ ગણવું ઘટે. ૧૧

મહાવીરના સન્માર્ગમાં છે સફળતા નરભવતણી,
અહોનિશ ધરવી કાળજી એ આપણા પરભવ તણી;
સાતે વ્યસન વળી પાપમય ઉન્માર્ગને ત્યજવા ઘટે,
કાયારૂપી નૌકા મળી ભવસિંધુ પાર જવું ઘટે. ૧૨

અણમૂલ શું જીવન આપણું શીદ એળે ગુમાવીએ,
ચિંતામણિ પાષાણ લેખી કાગ શીદ ઉડાડીએ;
સંક્ષિપ્ત જીવનમાં ધર્મકાર્યે મુહૂર્ત નવ જોવાં ઘટે,
કાયારૂપી નૌકા મળી ભવસિંધુ પાર જવું ઘટે. ૧૩

કર્મબંધનથી ડરી અતિ દૂર ને દૂર ભાગીએ,
સુખ દુઃખ સમે મહાવીર પોતાનું શરણ ન વિસારીએ;
વાણી ભુંડી વર્તન ભુંડુ કરી પતિત કો બનીએ નહીં,
મહાવીરના ભક્તો બની દીલથી દયા ત્યજીએ નહીં. ૧૪

ઉત્કર્ષ શ્રી મહાવીરશાસન દુઃખી ભારતવર્ષનો,
જેમાં ગુંથાયો એક આશ્રય વીરના આદર્શનો;
સત્કાર્ય કરી તેવાં અહિંસા સત્યને પ્રસરાવીએ,
વીરપુત્ર ! સુન્દર જીવનથકી શાસન સદા શણગારીએ. ૧૫

સુંદરલાલ ડાહ્યાભાઈ શાહ.

For Private And Personal Use Only

## " પડતાં ઉપર પાટ. "

કર્મદેવ પણ સો વસા, ઘડે ગરીબનો ઘાટ,
નીરખો આ સંસારમાં, પડતાં ઉપર પાટ. ૧
કરજવાન ને મૂર્ખ સ્ત્રી, નિશ્ચય લખી લલાટ;
પુત્રો અકરમી[1] અભણ, પડતાં ઉપર પાટ. ૨
નિર્ધન લોક કહી વદે, ખરી બનેલી વાત;
જનમંડળ વિશ્વાસ નહિ. પડતાં ઉપર પાટ. ૩
જ્યાં જ્યાં જાય ગરીબજન, ગામ ઘરે કે ઘાટ;
નિંદા મશ્કરી સૌ કરે, પડતાં ઉપર પાટ. ૪
પહેર્યાં હોયે જો કદિ, શુદ્ધ કનકના ઘાટ;
પીતળમાં ગણના કરે, પડતાં ઉપર પાટ. ૫
પટકુળ પહેરી અંગપર, વળતી વિચરે વાટ;
ઠગાથી ધિક્કારશે, પડતાં ઉપર પાટ. ૬
રાજપુરૂષ રહી ગર્વમાં, આપે કંઈ નહી દાદ;
જાણીને કરશે જુલમ, પડતાં ઉપર પાટ. ૭
નિર્ધન જનનો અણગમો, માન દીયે નહી નાત;
ડાહ્યા મુરખમાં ખપે, પડતાં ઉપર પાટ. ૮
કદી બીમારી જઈ ચડે, દાક્તરખાનની વાટ;
ધકેલશે દરવાન ત્યાં, પડતાં ઉપર પાટ. ૯
વ્યાપારી વિશ્વાસ નહિ, ચડવા દે નહિ હાટ;
નિરૂપયોગી તેને ગણે, પડતાં ઉપર પાટ. ૧૦
નિર્ધનને કર્મે વળી, કમાઉ સુત લે વાટ[2];
પુત્રીને વિધવાપણું, પડતાં ઉપર પાટ. ૧૧
ફરી વળો સર્વ સ્થળે, ખાત્રી કરવા માટ;
જ્યાં ત્યાં એવું દેખશો, પડતાં ઉપર પાટ. ૧૨

સંગ્રાહક—ચુનીલાલ સૌભાગ્યચંદ. ડીસાકેંપ.

૧ જડ. ૨ મરણ.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ખરી શોભા શામાં રહેલી છે ?

( ૧ )

૧ ઐશ્વર્ય—અધિકાર-ઠકુરાઇ પામ્યાની શોભા-સજ્જનતા-ગંભીર ઉદાર દીલ રાખી અન્ય સાથે કામ લેવાવડે લેખાય છે.

૨ વચન-નિગ્રહવાળું (માપસર ને વિચારપૂર્વક) પ્રિયકારી ને મિષ્ટ એવું સત્ય વચન જરૂર પડતાં બોલવું, અન્યથા મૌન ધારણ કરવું એ ખરા શૂરવીરનું ભૂષણ લેખાય છે.

૩ અકષાય—કષાય રહિત સ્થિતિ ધારવી એ ખરૂં જ્ઞાન-તત્ત્વજ્ઞાન પામ્યાની શોભા છે.

૪ વિનય-નમ્રતા—સભ્યતાવડે શ્રુતજ્ઞાન શોભી નીકળે છે ને સાર્થક થઇ શકે છે.

૫ સુયોગ્ય સ્થાને ઉદારતાથી ખર્ચ કરવાવડે પ્રાપ્ત થયેલ દ્રવ્યની સાર્થકતા કરી લેખાય છે.

૬ સમતા—મનની શાન્તિ રાખવી એ તપની શોભા છે.

૭ ક્ષમા—ખામોશ રાખવી એ ઉપરી-સ્વામીની શોભા છે.

૮ નિષ્કપટ વૃત્તિ-સરલતાવડે ધર્માચરણ શોભી નીકળે છે-સફળ થઇ શકે છે.

૯ શીલ-સદાચાર એ સર્વેનું સર્વોપરી કારણ હોવાથી પરમ ભૂષણ છે.

ઇતિશમ્

## સજ્જનતા શી રીતે સાંપડે ?

( ૨ )

૧ લોભ-તૃષ્ણાને છેદી સંતોષવૃત્તિ ધારવાથી.

૨ ક્ષમા-સહનશીલતા વિવેકસર આદરવાથી.

૩ મદ-અભિમાન તજી, નમ્રતા-સભ્યતા સેવવાથી.

૪ પાપકાર્યોનો ત્યાગ કરી, પવિત્ર જીવન ગુજારવાથી

૫ પ્રાણાન્તે પણ પ્રિય ને હિતકર સત્ય બોલવાની ટેક જાળવવાથી.

૬ વિચાર, વાણી ને આચાર શુદ્ધ-પવિત્ર કરતા રહેવાથી.

૭ રૂડી રહેણી-કરણીવાળા વિદ્વાનોનો સંસર્ગ રાખવાથી.

૮ પૂજ્ય-વડીલ જનોનો યથાયોગ્ય સત્કાર કરવાથી.

૯ પ્રેમભાવથી દુશ્મનોનું દીલ પણ હરી લેવાથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૦ પોતાનામાં રહેલા ગુણોને નહીં પ્રકાશવાથી–આત્મશ્લાઘા–સ્વગુણ-પ્રશંસા નહીં કરવાથી.

૧૧ જે જે કામથી યશ–કીર્તિ પેદા થાય તેવાં કામ ખંતથી કર્યા કરવાથી.

૧૨ દીન–દુઃખી અનાથ જીવોની આંતરડી ઠારવાથી, તન–મન–ધનથી તેમનું દુઃખ કરી થાય તેમ જાતે કરવાથી, બીજાને તેવી શુભ પ્રેરણા કરવાથી અને પરદુઃખભંજન દયાળુ જનોની ઉંડી દયાના વખાણ કરવાથી. ઇતિશમ્

## આ તે કેવી કઠોરતા ને પાપપરાયણતા ?

( ૩ )

૧ સાચા દયાળુ જૈન અપરાધી જીવ ઉપર પણ કરૂણા વર્ષાવી બને ત્યાં સુધી તેને સુધારવા પ્રયત્ન કરે છે, તો પછી સ્વાર્થઅંધ બની માબાપ પોતાનાં બાળકોને સુખદાયક જરૂરી કેળવણી આપવા કશી દરકાર કરે નહીં તેથી પરિણામે તેઓ સ્વચ્છંદી બની, બંને ભવ બગાડી દુર્ગતિમાં પડે છે.

૨ ગુરૂપદ ધાર્યા છતાં શિષ્ય–પરિવારને (સ્વઆશ્રિત વર્ગને) પ્રેમથી સાચો હિતકારક માર્ગ બતાવે નહીં, જેથી તેઓ બેપરવા ને સ્વચ્છંદી બની, પોતાનું કશું હિત કરી શકતા નથી તો પછી બીજાનું હિત કયાંથીજ કરી શકે ?

૩ પતિ પોતાની પત્ની(સ્ત્રી)ને, સ્વામી સેવકને, સાસુ વહુને, માતા દીકરીને અને શિક્ષક છાત્ર-વિદ્યાર્થીને ઘટતી જરૂરી કેળવણી પોતાનું હિત–કર્તવ્ય સમજીને પ્રેમથી આપવાને બદલે તેમને તુચ્છકારી નાંખે છે અથવા તો ઢોરની જેમ માર-મારે છે તેથી તેઓ નીભરા ને અકહ્યાગરા બને છે. તેમનામાં જે વિનયવૃત્તિ–નમ્રતા આવવી જોઈએ તે આવી શકતી નથી. પરિણામે તેઓ જડ જેવા નિર્માલ્ય બની પોતાના સોબતીને પણ બગાડે છે.

૪ પ્રજાના અન્ન જળાદિક દ્રવ્યથી પોષાઇ રહેલા રાજા અને અમીરાદિક અધિકારી વર્ગ તેને હક્ક (સાર્થક) કરવાને બદલે, કૃતઘ્ન બની પ્રજાનેજ દંડે છે ને ત્રાસ આપે છે તે અત્યંત અઘટિત છે.

૫ ધર્મગુરૂઓ ધર્મની ઉન્નતિ કરવાને બદલે ધર્મની હાંસી થાય તેવાં અપકૃત્યો–અનાચારો છાનાં ને છતરાયાં કરતાં ડર ખાતા નથી. તેનો પોકાર કોની પાસે જઇ કરવો ? શાસનદેવો સહુને સારી બુદ્ધિ આપો ! જેથી તેમને ખરી દિશાનું યથાર્થ ભાન થાય, પોતાની ગંભીર ભૂલો સમજાય અને તે સુધારી લેવા સાવધાન થઇ જવા જેટલું તેમનામાં બળ-બુદ્ધિ આવે, પરિણામે સ્વપર ઉભયનું કલ્યાણ સધાય. ઇતિશમ્.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## સાર-વચનો.

( ૪ )

૧ એક લોભજ સર્વ દોષોનું મૂળ છે. તે લોભ જેનામાં પ્રબળપણે વર્તતો હોય તેનામાં કયા કયા દોષો પેદા ન થાય ?

૨ ચાડીખોરપણું સર્વ પાપને પેદા કરે છે. પાપ-દુર્ગતિથી ડરનારે તેવા અપલક્ષણથી જેમ બને તેમ જલદી મુક્ત થવું જોઇએ.

૩ સત્યાગ્રહ એ ભારે તપરૂપ લેખવા યોગ્ય છે; કેમકે ખરો મનોનિગ્રહ કર્યા વગર તે શકય નથી.

૪ જેનું મન શુદ્ધ-નિર્મળ છે તે પોતે તીર્થરૂપ છે.

૫ સજ્જનતા-ઉદાર દીલવડે સૌ પોતાનાં થઇ શકે છે.

૬ પ્રભાવશાળી-સદ્ગુણી જનો પોતાના સ્વાભાવિક સદ્ગુણોવડે શોભી નીકળે છે-ઝળકી ઉઠે છે.

૭ ખરી તત્ત્વવિદ્યા જેવું કોઇ ઉત્તમ ધન નથી, જેના વડે ખરી વસ્તુનું યથાર્થ ભાન થાય, અને તેવીજ દૃઢ પ્રતીતિ થતાં, ખરૂં તત્ત્વ આદરવા અને ખોટું તત્ત્વ તજવાનું સૂઝે તેજ સદ્વિદ્યા.

૮ અપયશ-અપકીર્તિને મૃત્યુ સમાન કે મૃત્યુ કરતાં પણ વધારે દુઃખદાયક કુશળ જનો લેખે છે; તેથીજ તેઓ તેવા કોઇ પણ અપકૃત્યોથી દૂરના દૂર રહે છે રહેવા કાળજી રાખે છે. ઇતિશમ્.

## નમન કરવા યોગ્ય નરો કોણ લેખાય ?

( ૫ )

૧ સજ્જન-સમાગમની સદાય વાંચ્છા રાખનાર.

૨ ગુણ-ગુણીજનોપર સદાય પ્રીતિ રાખનાર.

૩ ગુરૂ-જનો પ્રત્યે ભારે નમ્રતાથી વર્તનાર.

૪ વિદ્યા-વૃદ્ધિ કરવા ભારે ચીવટ રાખનાર.

૫ સ્વસ્ત્રીમાંજ રતિ-પ્રીતિ-સંતોષ ધરનાર.

૬ લોકમાં નિંદા થાય તેવાં કામથી ડરી-ચેતી ચાલનાર.

૭ રાગ દ્વેષ ને મોહથી સર્વથા મુકત થઇ, સંપૂર્ણ જ્ઞાનાદિ ગુણોથી વિભૂષિત શુદ્ધ દેવ અરિહંત-પરમાત્મા પ્રત્યે ખરી પ્રેમ-ભક્તિ રાખી સ્વહિત સાધનાર.

૮ વિષયાદિ દોષોને નિવારવા પોતાથી બનતું કરનાર.

For Private And Personal Use Only

૯ બાળ-દુર્જનની સોબતથી સર્વથા દૂર રહેનાર.

આવા ઉજ્વળ ગુણો જેમનામાં સદા વાસ કરી રહે છે તેવા સદ્ગુણી જનો ખરેખર વખાણ કરવા યોગ્યજ લેખાય છે.

આવા ઉત્તમ ગુણોમાંથી બને તેટલા જાતે આદરવા, તેવા ગુણોની રક્ષા ને વૃદ્ધિ કરવા ઇચ્છનારને બનતી મદદ કરવા તથા તેમનું અનુમોદન કરવા તેમજ તેમની નિંદાથી પરાઙ્મુખ રહેવા સોએ કાળજી રાખવી ઘટે છે. ઇતિશમ્.

સન્મિત્ર કર્પૂરવિજયજી.

## પ્રશ્નોત્તર.

( પ્રશ્નકાર-જીવનલાલ રાયચંદ-અનેરા. )

પ્રશ્ન-૧ ચંદ્રના વિમાનમાં શાશ્વતા જિનબિંબો છે તે પ્રમાણે સૂર્યના વિમાનમાં પણ છે કે નહીં?

ઉત્તર-દરેક ચંદ્ર ને દરેક સૂર્યના વિમાનમાં-ચરમાં અને સ્થિરમાં શાશ્વતા જિનબિંબો છે, તેથીજ વ્યંતર ને જ્યોતિષીમાં અસંખ્યાતા જિનબિંબો કહ્યા છે. ચંદ્ર સૂર્ય અસંખ્યાતા છે.

પ્રશ્ન-૨ જિનેશ્વર પાસે ધરેલું ફળ નૈવેદ્ય શ્રાવકને ખાવાનું વર્જ્ય છે અને અન્ય દર્શનીઓ તો કહે છે કે-પ્રભુની શેષ (એઠ) આપણે ન ખાઈએ તો કોણ ખાય? એમાં તો આપણી ભક્તિ દેખાય છે, તો આ બેમાંથી ખરી હકીકત શું છે?

ઉત્તર-પોતપોતાની માન્યતા પોતપોતાને સારી લાગે છે, તેથી અન્યની માન્યતાને અંગે કહેવાની જરૂર નથી. બાકી આપણે પ્રભુ પાસે ચડે તે ખાવાનો નિષેધ એટલા માટે કરેલો છે કે જો તે આપણને ખાવાની છુટ હોય તો આપણને પ્રભુ પાસે ધરતાં જે નિરીહપણું આવવું જોઈએ તે આવતું નથી અને ખાવાની લાલચમાં ઉલટા લપટાઈ જઈએ છીએ. અન્ય દર્શનીઓ પણ શિવ પાસે ધરેલું શિવનિર્માલ્ય કહે છે ને ખાતા નથી. આપણો ચાલતો રીવાજ છે તે યોગ્ય છે.

પ્રશ્ન-૩ તકદીર (ભાગ્ય) ની સાથે તદબીર ( ઉદ્યમ ) ને પણ જૈનશાસ્ત્રમાં સ્વીકારેલ છે કે તકદીર પ્રમાણેજ થાય છે એમ કહેલ છે?

ઉત્તર-જૈનશાસ્ત્રમાં તકદીરનું-ભાગ્યનું-કર્મનું વર્ણન ઘણું વિસ્તારથી કરેલું છે, પરંતુ તદબીરને-ઉદ્યમને પ્રાધાન્યપણું આપેલું છે. તકદીરનો ફેરફાર તદબીરથી થઈ શકે છે. ઉદ્યમથી અનુભાગ કર્મ ખપાવીને મોક્ષે જઈ શકે છે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રશ્ન-૪ કાયોત્સર્ગમાં નવકાર કે લોગસ્સ ગણતાં શ્વાસોશ્વાસ ઉંચા નીચા કેમ લેવા તેનો કાંઇ વિધિ આપણામાં બતાવ્યો છે ? દિગંબરના સામાયક સૂત્રની બુકમાં મેં તેનો વિધિ વાંચેલો છે.

ઉત્તર-કાયોત્સર્ગમાં શ્વાસોશ્વાસ જે રીતે લેતા હઇએ તેમજ લેવાનું કહ્યું છે. બીજો કોઇ વિધિ વાંચવામાં આવ્યો નથી.

પ્રશ્ન-૫ કાઉસગ્ગમાં ગણાતા લોગસ્સમાં કેટલાકમાં ૨૫ પદ, કેટલાકમાં ૨૭ પદ ને કેટલાકમાં ૨૮ પદ (પૂર્ણ લોગસ્સ) ગણવામાં આવે છે તેનું કારણ શું ?

ઉત્તર-ઘણા કાઉસગ્ગમાં તો (૨૫) પદજ ગણવાના હોય છે, રાત્રીએ કુસ્વપ્નાદિક આવેલ હોય તો (૨૭) પદ ગણવાનું કહેલું છે; અને દુઃખક્ષય કર્મક્ષયના કાઉસગ્ગમાં પૂર્ણ લોગસ્સ (૨૮ પદ) ગણવાનું કહેલું છે. આ હકીકત પૂર્વપુરૂષોએ ચોકસ કરેલી છે તેથી આપણે તે પ્રમાણે વર્તવાનું છે.

પ્રશ્ન-૬ રેશમ બનાવવામાં કોશેટાની અંદરના જીવોનો વિનાશ થાય છે; તો તે રેશમ જિનમંદિરમાં કે મુનિની પાસે સ્થાપનાચાર્યની મુહપત્તિ વિગેરેમાં કેમ વપરાય છે ?

ઉત્તર-અગાઉ રેશમના કીડાઓનો વિનાશ થયા સિવાય રેશમ બનતું હશે તેથી તે જિનમંદિરાદિમાં વપરાવું શરૂ થયું હશે એમ જણાય છે. અમે એવું રેશમ જોયું પણ છે.

પ્રશ્ન-૭ પંચકલ્યાણકની, અષ્ટપ્રકારી, નવપદજીની, નવાણું પ્રકારી વિગેરે પૂજાઓમાં સ્નાત્રીઆઓ પૂરતા ન હોય તો જેટલા હોય તેટલાથી ચાલી શકે ?

ઉત્તર-પૂજાઓ બધીમાં અષ્ટપ્રકાર દરેક પૂજામાં પ્રાયે કરવાના હોય છે, તેથી આઠ સ્નાત્રીઆ હોય તો વધારે સારૂં; બાકી ઓછા હોય તો ચાલી શકે, પૂજા અટકાવવાનું કારણ નથી.

પ્રશ્ન-૮ દેવતાઓને મતિ શ્રુત ને અવધિ--એ ત્રણ જ્ઞાન હોય છે તો તે પોતે કયાં ઉપજશે અને કયારે મોક્ષે જશે તે જાણી શકે ?

ઉત્તર-ત્યાંથી ચ્યવીને કયાં ઉપજવાનો છે તે તો દરેક દેવ જાણી શકે; પરંતુ અવધિજ્ઞાન જેનું ઓછું છે તે કયારે મોક્ષે જશે તે જાણી ન શકે. અનુત્તરવિમાનના દેવતાઓ જાણી શકે.

પ્રશ્ન-૯ મનુષ્યનું આયુષ્ય ચોક્કસ નિર્માણ થયેલું હોય છે, છતાં મરકી કે અન્ય ચેપી વ્યાધિના પ્રસંગે ગૃહસ્થો તેમજ મુનિઓ પણ ( ચોમાસું છતાં ) અન્યત્ર જઇને રહે છે, તો બાંધેલા આયુષ્યની સ્થિતિમાં હાની વૃદ્ધિ થતી હશે?

ઉત્તર-આયુષ્ય બે પ્રકારનું બંધાય છે. સોપક્રમી ને નિરૂપક્રમી. દેવતા ને નારકીનું તેમજ ચરમશરીરી મનુષ્યાદિકનું આયુષ્ય નિરૂપક્રમી હોય છે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમાં ફેરફાર થતો નથી. જેમનું આયુષ્ય સોપક્રમી હોય છે તેનું શસ્ત્રાદિકના ઉપઘાતથી તેમજ મરકી પ્લેગાદિક વ્યાધિના કારણથી તુટે છે. સ્થિતિ પૂર્ણ થયા અગાઉ જીવ મરણ પામે છે; તેથી તેવે પ્રસંગે મનુષ્યો તેથી બચવા માટે યોગ્ય પ્રયત્ન કરે છે અને તે યોગ્ય છે. આયુષ્યની વૃદ્ધિ તો થતીજ નથી, હાનિને માટે પણ જ્ઞાનીઓએ તો તે પ્રમાણે થવાનું દીઠેલુંજ હોય છે. વ્યવહારથીજ અમુક સ્થિતિ કહેવાય છે. બાકી કર્મદળ તો બધાં એક સાથે વેદી લેવા પડે છે.

પ્રશ્ન-૧૦ સામાયિક પ્રતિક્રમણમાં તો બોલતી વખત મુખ પાસે મુહપત્તિ રાખવામાં આવે છે, પરંતુ પૂજા ભણાવતાં કે પ્રભુ પાસે ને ગુરૂ પાસે બોલતાં મુખ આડું મુહપત્તિ કે બીજું વસ્ત્ર રાખવાની જરૂર ખરી કે નહીં ?

ઉત્તર-પૂજા ભણાવતાં કે પ્રભુ પાસે અથવા ગુરૂ પાસે બોલતાં ઉત્તરાસનનો છેડો મુખ પાસે રાખવો જોઇએ. એટલા માટે તે પ્રસંગોએ ઉત્તરાસન અવશ્ય જોઇએ. પ્રભુપાસે મુખકોશ બાંધીને અથવા ઉત્તરાસનનો છેડો મુખ પાસે રાખીનેજ બોલાય. ઉઘાડે મોઢે બોલાયજ નહીં. એમાં વાયુકાયની વિરાધના ઉપરાંત દેવ ગુરૂ કે જ્ઞાન ઉપર મુખમાંથી થુંક ઉડે, મુખનો દુર્ગંધી પવન તેમને લાગે, તેથી આશાતના થાય તે માટે પણ વસ્ત્રનો ઉપયોગ રાખવાનો છે.

# कुमारपाळ राजाना रासनुं रहस्य.

( અનુસંધાન-પૃષ્ટ ૯૯ થી )

સૂરપાળ સામાની પાસે રહેવાથી વનરાજ પણ તેની સાથે લુંટફાટ કરવામાં પ્રવર્ત્યો અને તે પણ ચોરશિરોમણિ થયો. એક દિવસ તે ખાવા બેઠો હતો, તે વખતે ઘી નહોતું તેથી લુખું અન્ન ભાવતું નહોતું. કવિ કહે છે કે--

લુખું જમતાં ગતિ મતિ જાય, લુખું જમતાં ઉપજે વાય;
લુખું જમતાં બળ બુદ્ધિ ગળે, મુઓ સોય બાળ્યો નવિ બળે.
તિણે કારણ ઘૃત ભોજન સાર, જિમ સ્ત્રીનું મંડણ સિણગાર;
નરનું મંડણ જેમ પાઘડી, તિમ ભોજન મંડણ ઘૃત ઘડી.
જિમ ભાલનો મંડણ સિંદુર, જિમ રણનું મંડણ નરશૂર;
નદીતણો મંડણ જળ પૂર, તિમ ભોજન મંડણ ઘૃતપૂર.
ઘૃત ન કહું અમૃત કહેવાય, જેહથી વાધે નરનું આય;
ઘૃત જાણ પશુ સૌને ગમે, તો વનરાજ કિમ લુખું જમે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ પ્રમાણેની હકીકત હોવાથી વનરાજે એકદમ માણસોને દોડાવ્યા કે 'જ્યાં હોય ત્યાંથી-જેનું હોય તેનું ઘી લઇ આવો.' આવો હુકમ થતાં ત્રણ માણસો ચોતરફ દોડ્યા, પણ કોઇ જગ્યાએ ઘીનો પત્તો લાગ્યો નહીં. આહીં કર્ત્તા ત્રણને માટે કહે છે કે—

ત્રણ મળે ત્યાં ત્રુટે કામ, ત્રણ મળે ત્યાં ન રહે મામ;
ત્રણ મળે ત્યાં વિણસે ઠામ, ત્રણ મળે ત્યાં ન વસે ગામ. ૧
અતિસાર શિતળ હેડકી, ત્રણ મળે તસ પ્રાણજ દુઃખી;
એણે દૃષ્ટાંતે ત્રણ જણ જયાંહી, નિશ્ચે કામ ન થાયે ત્યાંહી. ૨
ત્રણ પુરૂષ ઘૃતકારણ ગયા, તે પણ પંથે બેસી રહ્યા;
ચિહું પાસે નર જોવે જિસે, એક વછીયાયત દીઠો તિસે. ૩

છેવટે ત્રણ જણાએ ચારે બાજુ જોતાં એક વછિયાતને આવતો જોયો. તેને માથે ઘીની કુડલી હતી અને જાતે વાણીઓ હતો, પણ તે આજના વાણીઆ જેવો નાહિંમત કે નિર્બળ નહોતો. પેલા ત્રણ જણાએ તેને કહ્યું કે-'ઘીની કુડલી નીચે મુકી દે, અમારે ખપ છે.' તે સાંભળી પેલા શૂરવીર વાણીઆ પાસે પાંચ તીર હતા, તેમાંથી બે ભાંગી નાખીને ત્રણ રાખ્યા ને બોલ્યો કે-' એકવાર સામા આવી જાઓ, પછી કુડલીની વાત કરો.' આમ કહીને કામઠાપર તીર ચડાવ્યું કે ત્રણે જણ પ્રાણ લઇને ભાગી ગયા. આવે વખતે કાયરનું કામ નથી. કાયર તો હાથમાં હથીઆર રાખે પણ રણસંગ્રામનો વખત આવે ત્યારે હથીઆર પડ્યા મૂકી દઇને વિચાર કરે કે-' કઇ બાજુ ભાગી જાઉં ? ને કયાં સંતાઇ જાઉં ? ' વખતે ધોતીયામાં પેશાબ પણ થઇ જાય. આવા પુરૂષને ગમાર કહ્યા છે. તેઓ હથિયારને ઉલટા લજવે છે, ફોગટ ફજેત કરે છે. હથીઆર રાખવાનું કામ તો શૂરવીર પુરૂષનુંજ છે. તે ગામ કે સીમ જોતાજ નથી, અને જો કાયર છે તો હથીઆર શા માટે રાખે છે ? જો ધન નથી; તો વેપાર કરવા શા માટે બેસે છે ? તે તો ઉલટું નુકશાન કરે છે. ખડ્ગ તો શૂરાના હાથમાંજ શોભે છે. અહીં વાણીઓ શૂરો હતો, તેથી ધૈર્ય ધારણ કરીને તેણે ધનુષ્યપર તીર ચઢાવીને મૂક્યું કે ત્રણે જણા ભાગી ગયા. તેણે વનરાજપાસે આવીને કહ્યું કે-' એક માણસ ઘીની કુડલી લઇને જાય છે, પણ તે બળવાન હોવાથી તેની પાસેથી ઘીની કુડલી લઇ શકાય તેમ નથી. જુઓ પેલો સામો આવ્યો આવે છે.'

વનરાજે તે વાત સાંભળી બહાર આવીને તે વાણીઆને વિનયપૂર્વક બોલાવ્યો. ' પધારો, પધારો ' કહ્યું, એટલે તે વાણીઓ તરતજ તેની પાસે આવ્યો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને લી આપ્યું. પછી તેણે વનરાજ સામું જોઈને કહ્યું કે–" તું પૃથ્વી ભોગવવા લાયક છે, તારા ભાગ્યમાં ઘણી પૃથ્વીનો ઉપભોગ કરવાનું લખેલું છે, તો તું આમ વગડામાં શામાટે ભમે છે? રાજહંસને ખાબોચીઆનું પાણી કેમ ગમે છે?" તે સાંભળી વનરાજ બોલ્યો કે–" મારી પાસે સારો પ્રધાન નથી. જો તું મારી પાસે પ્રધાન થઈને રહે તો પછી તું જેમ કહે તેમ હું કરૂં." વાણીઆએ તે વાત કબુલ કરી અને યોગ્ય અવસર જોઈને તેની પાસે રહ્યો.

એક વખત ભુવડ રાજાના માણસો ખંડણી ઉઘરાવવા નીકળેલા તે ઘણી ખંડણી ભેળી કરીને તે તરફ નીકળ્યા. તેની પાસે ૨૪ લાખ સોનૈયા હતા, અને ૪૦૦ ઘોડા હતા. તે ધન લઈને જતા હતા તે વખતે બરાબર લાગ જોઈને વનરાજ પોતાના સાથીતો સહિત તેની પાછળ થયા અને તેનું બધું દ્રવ્ય લુંટી લીધું. આ પ્રમાણે મોટો ખજાનો હાથ આવવાથી તેણે પોતાનું લશ્કર વધાર્યું, અને તે સુભટોની મદદથી રાજ્યના થાણા તે વાણીએ ભાંગવા માંડ્યા. વનરાજે તેને બહુ બુદ્ધિવાળો જાણ્યો. ધીમે ધીમે તેણે ઘણો દેશ પોતાને તાબે કર્યો, અને છેવટ આખું ગુજરાત વનરાજે પોતાને તાબે કરી લીધું. ભુવડરાજે આ વાત સાંભળી એટલે પછી તેણે ગુજરાતની સામુંજ ન જોયું.

એક દિવસ વનરાજે પેલો કુડલીવાળો વાણીઓ કે જેનું નામ જાંબ હતું તેને કહ્યું કે–" હવે આપણે બધી રીતે નિશ્ચિંત થયા છીએ, ભુવડ હવે આ તરફ આવે તેવું નથી. તો હવે સારી જમીન જોઈને આપણે એક ગામ વસાવીએ અને ત્યાં રાજધાની કરીએ. પણ તે જમીન એવી જોઈએ કે જ્યાં વસાવેલું શહેર લાંબો વખત ટકી રહે." વનરાજના આવા વિચાર જાણી જાંબે તેની તજવીજ કરવી શરૂ કરી. નજદીકમાં ગોવાળો જનાવર ચારતા હતા તેને વનરાજ પાસે બોલાવ્યા અને પૂછ્યું કે–' તમે આટલામાં ઢોર ચારો છો તો કોઈ એવી જમીન છે કે જ્યાં અમે શહેર વસાવીએ?' તે સાંભળી અણહીલ નામનો ગોવાળ બોલ્યો કે–' આવો, તમને એવી સારી જમીન બતાવું કે તમે ખુશી થઈ જાઓ.' એટલે વનરાજ ખુશી થયો અને તેવી જમીન જોવા તેની સાથે ચાલ્યો. તેમની સાથે એક કુતરો હતો. તે આગળ ચાલતો હતો. રસ્તે ચાલતાં તેને એક સસલો મળ્યો. કુતરો તેની સામે ધસ્યો એટલે સસલે તેનાથી નહીં ડરતાં સામા કાન માંડ્યા ને કુતરાને ભગાડ્યો. આવું આશ્ચર્ય જોઈ રાજા હરખ્યો અને એ જમીનનોજ તે પ્રભાવ જાણી તે જગ્યાએ શહેર વસાવવાનો નિર્ણય કર્યો.

પછી ત્યાં બાર ગાઉના વિસ્તારવાળું અને ગઢ, મઠ, પોળ, તથા મંદિર સહિત શહેર વસાવ્યું. તેમાં ૮૪ ચૌટા જુદા જુદા કર્યા. તેમાં કોશીઅટા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાપડીઆઓ પટોળાં, ચીર, સાળુ વિગેરે ઉત્તમ ઉત્તમ વસ્ત્રો વેચે છે, દાંત બજારમાં દાંતના વેપારીઓ દાંત વેચે છે, નાણાવટમાં નાણા પરખાય છે, ઝવેરી બજારમાં માણેક મોતી હીરા વિગેરે તોળાય છે ને વેચાય છે. સોના રૂપાના સીક્કા પાડવાની ટંકશાળોમાં જુદા જુદા સીક્કા પડે છે. ગાંધીને હાટે ગંધીઆણું વેચાય છે. કરિયાણાવાળા જુદા જુદા કરિયાણા વેચે છે. વૈદ્યો પણ ત્યાં ઘણા વસે છે. માળી, તંબોળી, મણીઆરૂં વેચનારા, સુંગધી તેલ ને અત્તર વિગેરે વેચનારાના જુદા જુદા બજાર છે. ફોફળીઆ સોપારી વિગેરે વેચે છે. સોનાર સોનું ઘડે છે. ઘી બજારમાં ઘી વેચાય છે. આ પ્રમાણે અનેક પ્રકારના વેપારીઓ તે નગરમાં વાસો વસે છે. મોટા મોટા શેઠીઆઓ દુકાનપર બેઠા બેઠા ફાંદ (મોટું પેટ) પંપાળી રહ્યા છે. વહાણના વેપારીઓ તે સંબંધી વાતો કરે છે. પારકી વાતો કે નિંદા તો કોઇ કરતુંજ નથી. તેવું નવરૂંજ ત્યાં કોઈ નથી.

અનેક ભાટ–ચારણો નવા નવા કવીતો બોલી વેપારી વિગેરેને રીઝવે છે. ત્રીપોળીઆ પાસે નટ લોકો નાટક કરી રહ્યા છે. એ રીતે અઢારે વર્ણ ત્યાં વસે છે. તે સૌ પોતપોતાના કાર્યમાં સાવધાન છે. કોઇ પણ પારકી આશા કરતું નથી. સૌ શુદ્ધ વ્યવહાર જાળવીને વ્યાપાર કરે છે. કોઇ કોઇને છેતરતું નથી કે પારકું દ્રવ્ય હરણ કરવાની ઇચ્છા પણ કરતું નથી. ત્યાં યોગ્ય સ્થાનકે રાજમહેલ બંધાવ્યો છે. તેમાં અનેક પ્રકારની સુંદર રચનાઓ કરી છે. હયશાળા, ગજશાળા, આયુધશાળા, લેખકશાળા જુદી જુદી બાંધી છે. હયશાળામાં ઘોડા બંધાય છે, ગજશાળામાં હાથી બંધાય છે, રથશાળામાં રથો રહે છે અને આયુધશાળામાં અનેક પ્રકારના શસ્ત્રો તૈયાર રાખવામાં આવે છે. લેખકશાળા લહીઆઓને લખવા માટે બેસવાની છે. લેખશાળા રાજ્યના કારકુનોને બેસવાની પણ બનાવેલી છે. માંડવીઆ તેને માટે નિર્માણ કરેલે ઠેકાણે (માંડવી ઉપર) બેસીને શહેરમાં આવતા માલનું દાણ લેવાનું કામ કરે છે. ત્યાં અનેક પ્રકારનું કાપડ, અનેક પ્રકારના કરીઆણા–હીંગ, મરી, સાકર, સોપારી વિગેરે વસ્તુઓ, તેમજ ત્રાંબું, પીત્તળ, રૂપું, સોનું, સીસું, લોઢું વિગેરે ધાતુઓ, હીરા માણેક મુકતાફળ વિગેરે ઝવેરાત, લવીંગ, એલચી, કપુર, બરાસ, જાઇફળ, જાવંત્રી અને ખાંડ, ટોપરા, અબરખ, પારો, સીંગોડા ને દ્રાક્ષ વિગેરે અનેક વસ્તુઓ આવે છે. તેની કિંમતના આંકનારા ત્યાં બેઠેલા હોય છે તે કિંમત આંકે છે તે પ્રમાણે તેનું દાણ લેવાય છે. તેમાં લાખો ને કરોડો રૂપીઆ આવે છે.

કવિ કહે છે કે–આ પાટણ શહેરના વિસ્તારની કેટલીક વાત કરૂં ? ત્યાં તમામ પ્રકારના વ્યાપારીઓ આનંદથી વ્યાપાર કરી રહ્યા છે. વણજારાઓ પણ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનેક પ્રકારની વસ્તુઓ લઈ લઈને ત્યાં વેચવા આવે છે. ત્યાં અનેક દાનશાળાઓ-પુણ્યશાળાઓ-પોષધશાળાઓ-ધર્મશાળાઓ છે કે જે દાનશાળાઓમાં પાણી માગે ત્યાં દુધ મળે છે. દાન, માન ને વિશ્રામ મળે છે. એવું તે પાટણ શોભી રહ્યું છે. તેમાં શ્રી જિનેશ્વરના ઘણાં પ્રૌઢ એવા અનેક પ્રાસાદો છે કે જે ઇંદ્રપૂરીની સાથે વાદ કરી રહ્યા છે. શહેરને લગતાં વાડી વન આરામ બાગ બગીચાઓ પણ પુષ્કળ છે. શહેરને લગતું સહસ્રલિંગ સરોવર છે તે માનસરોવરની જેવું શોભી રહ્યું છે. તેમાં અનેક પ્રકારના કમળો ઉગેલા છે અને પાણી ગંગાજળ જેવું મીઠું છે. તેમાં હંસ મોર ને બગલા વિગેરે ઝીલી રહ્યા છે. ચક્રવાકો ક્રિડા કરી રહ્યા છે. તળાવની અંદર અનેક પ્રકારના મત્સ્યો અને કાચબાઓ વિગેરે જળચર જંતુઓ કલ્લોલ કરી રહ્યા છે. તે સરોવર ફરતી વાડી છે-બાગ છે-બગીચા છે. તેમાં શ્રીફળ, આમ્ર, ચંપક, નાગ, પુન્નાગ, તાલ, તમાલ, સાલ, જાંબુ, દાડિમ વિગેરેના તેમજ ચંદનના અનેક વૃક્ષો શોભી રહ્યા છે. તે નગરમાં કૂપ, કુંડ ને વાવડીઓ પુષ્કળ છે. ત્યાં સૌભાગ્યવતી સ્ત્રીઓ આવીને અમૃત જેવું જળ ભરી જાય છે. લોકો આનંદ કરી રહ્યા છે સર્વત્ર માંગલિકની માળા જણાય છે. શોક તો કોઈ જગ્યાએ નજરેજ પડતો નથી.

તે નગરમાં બાવન વવા વર્તે છે. તે કવિ નગરની શોભા પૂરેપૂરી વર્ણવવા માટે કહીં બતાવે છે, તે ધ્યાન દઇને સાંભળજો- વાંચજો.

૧ વાડી, ૨ વન, ૩ વાવો, ૪ વાળો, ૫ વેલી, ૬ વનિતા, ૭ વિવેક, ૮ વિચાર, ૯ વ્યાખ્યાની, ૧૦ વાદી, ૧૧ વીર, ૧૨ વીણા, ૧૩ વાંસળી, ૧૪ વેશ્યા, ૧૫ વિપ્ર, ૧૬ વ્યાસ, ૧૭ વહોરા, ૧૮ વાણીઆ, ૧૯ વસ્તુઓ, ૨૦ વખારો, ૨૧ વ્યાપારી, ૨૨ વૈદ, ૨૩ વૈષ્ણવ, ૨૪ વિશ્રામ ઠામ, ૨૫ વર્ણઅઢાર, ૨૬ વ્રખલ, ૨૭ વિષ્ણુ મૂર્તિ, ૨૮ વેદીઆ, ૨૯ વેષધારી, ૩૦ વરતીયા, ૩૧ વિચિત્ર લોકો, ૩૨ વચન શુદ્ધિવાળા, ૩૩ વિદ્યાવંત, ૩૪ વશુકર, ૩૫ વ્યસની, ૩૬ વિચિત્ર દાની શીળવાન તપસ્વી ને ભાવનાવાળા, ૩૭ વિચિત્ર વરઘોડાઓ, ૩૮ વાજીં, ૩૯ વહેલ, ૪૦ વીંઝણા, ૪૧ વાનર, ૪૨ વાસરી, ૪૩ વિદ્રુમ ( પરવાળા), ૪૪ વિશ્વ ( વસ્તુ વિશેષ ), ૪૫ વારિ ( પાણી ) ૪૬ વાજીત્ર, ૪૭ વેશાળા, ૪૮ વ્યાકરણી, ૪૯ વૈરાગી, ૫૦ વેદના જાણ, ૫૧ વેદનાના જાણ, ૫૨ વિષયના જાણ ( વિષયના ભોગી ). ઇત્યાદિ

આ પાટણ નગરની શોભા કહી જાય તેમ નથી. જો સમુદ્રનું અભધ્યનું કે આકાશનું માપ થઈ શકે તો તે કહી શકાય તેમ છે. તેમ તેમાં કેટલા અનુપમો વસે છે તેની સંખ્યા પણ થઇ શકતી નથી. તે ઉપર એક બનેલો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બનાવ બતાવીને કવિ વાંચનારને તેનો ખ્યાલ આપે છે.

એક વખત એક ચારણ સ્ત્રી-ભર્ત્તાર પાટણ જોવા આવ્યા. જોતાં જોતાં સાંજ પડી ગઇ. એટલામાં બે જણ છુટા પડી ગયા. એટલે સ્ત્રીએ પોતાના ધણીને ઘણો શોધ્યો પણ પત્તો લાગ્યો નહીં; તેથી તેણે નગર બહાર ઉદ્યાનમાં રાજા પાસે જઇને કહ્યું કે-' મારા ધણીથી હું વિખુટી પડી ગઇ છું, માટે મને મારો ધણી મેળવી આપો. ' રાજાએ તેની નિશાની પૂછી; એટલે તે સ્ત્રીએ કહ્યું કે-' નામ રાણો છે, ને જમણી આંખે કાણો છે.' રાજાએ તેજ વખતે ગામમાં પડહ વગડાવ્યો કે 'નામે રાણા ને જમણી આંખે કાણા હોય તે સવારે દરબારમાં આવજો.' સવાર થઇ ત્યાં જમણી આંખે કાણા નામે રાણા દરબારમાં આવવા માંડ્યા. એકંદર સંખ્યા કરી તો ૯૯૯ થયા. પેલી સ્ત્રીને તેમાંથી તેનો ધણી શોધી લેવા કહ્યું પણ તેમાં ન જડવાથી ફરી પડહ વગડાવ્યો એટલે તે મળી ગયો. આટલા ઉપરથી તે શહેરમાં કેટલી વસ્તી હશે તે સમજી શકાય તેમ છે. આવું તે નગર વનરાજે વસાવ્યું.

તે નગરમાં નટ નાટકીઆ પણ ઘણા હતા, પંડિતો ઘણા હતા, રાસ રમનારી બાળિકાઓ પણ ઘણી હતી કે જેને જોઇને સ્વર્ગમાં રહેલા દેવો પણ મોહ પામી જાય તેમ હતું. તે નગરમાં ભોગી મનુષ્યોજ વસતા હતા, રોગી તો કોઇ હતુંજ નહીં. તેમ સ્ત્રી-ભર્ત્તારમાં સ્નેહ પણ ઇંદ્ર ઇંદ્રાણી જેવો હતો. પુરૂષો મહારૂપવંત હતા અને સ્ત્રીઓ પણ પદ્મની, હસ્તીની ને ચિત્રણી ત્રણ જાતિનીજ હતી, શંખિણી તો હતીજ નહીં. લશ્કર પણ હાથી ઘોડા વિગેરેનું સંખ્યાબંધ હતું. હાથીઓ મદ ભરેલા મલપતા હતા. અશ્વો હેષારવ કરી રહ્યા હતા. એ નગરીને ઉપમા માત્ર ઇંદ્રપુરીનીજ આપાય તેમ હતું. બીજી ઉપમા અપાય તેમ નહોતું; કારણ કે ઇંદ્રપુરી કરતાં પણ વધારે શોભાયમાન હતી.

તે નગરીમાં રાજા વનરાજ હતો કે જેની સર્વત્ર ખ્યાતિ પ્રસરેલી હતી. જેનું લશ્કર પારાવાર હતું અને સર્વ રાજાઓ તેને મસ્તક નમાવતા હતા. તે રાજાને રાણીઓ પણ ઘણી હતી અને લક્ષ્મી પણ લેખા વિનાની હતી. આવું નગર તેણે વસાવ્યું, અને તેનું નામ અણહિલપુર પાટણ અણહિલ ભરવાડના નામપરથી રાખ્યું, કારણ કે આ સ્થાન તેણે બતાવ્યું હતું. આવા નગરમાં આનંદથી રહેતાં એક દિવસ વનરાજને પોતાના ઉપગારી શ્રી શીલગુણસૂરિ મહારાજ સાંભર્યા. ( હવે તે તેને તેડાવશે અને ભક્તિ કરશે; તેની હકીકત આગળ કહેવામાં આવશે. )

અપૂર્ણ.

For Private And Personal Use Only

# જ્ઞાનીઓનાં સુવર્ણવચનોની માળા.

(અનુસંધાન પૃષ્ઠ ૮૬ થી)

[illegible]

૨૦–પુસ્તકમાં રહેલી વિદ્યા અને પારકાના હાથમાં રહેલું ધન જરૂર પડયે કામમાં આવતાં નથી. કહેવત છે કે ગ્રન્થ ગાંઠે ને વિદ્યા પાઠે.

૨૧–[illegible] ખુશામત, વિશ્વાસુ [illegible] એ [illegible] સાચી માનવા જેવું, [illegible] ને સાચું સમજવા જેવું, અને મૃગજળમાં આશા બાંધવા જેવું છે.

૨૨–પશ્ચાત્તાપ એ ગુમાવેલી નેકીનું ઢાંકણું છે.

૨૩–માણસની પશ્ચાતાપ સમયે જેવી બુદ્ધિ થાય છે, તેવીજ જો પ્રથમથી થતી હોય તો કોનો ઉત્કર્ષ ન થાય ? સર્વનો થાય.

૨૪–વિદ્યા વગરનું જીવન કુતરાની પુંછડી જેવું છે; કારણકે કુતરાની પુંછડી ગુહ્ય જગ્યા ઢાંકવાને કામની નથી; એટલુંજ નહીં પણ માખી ઉડાડવાના કામની પણ નથી. તેવીજ રીતે વિદ્યા વગરનો માણસ પણ કશા કામનો નથી.

૨૫–આ સંસારમાં પક્ષનો (સહાયનો) મહિમા તો જુઓ ! કાગડો દુર્બળ હોવા છતાં પણ પક્ષ સહિત હોવાથી ઉંચા પર્વતોના શિખરોપર રહેલ વૃક્ષના ફળને ખાય છે, અને હાથીને મારવામાં શક્તિવાન સિંહ બળવાન છતાં પણ પક્ષહીન હોવાથી વૃક્ષ નીચેજ રહ્યો છતો ખેદ પામે છે–વૃક્ષના ફળ પણ ખાઇ શકતો નથી.

૨૬–હરેક અધિકારીએ આંખ અને કાન બન્ને ખુલ્લાં રાખવાં. માત્ર કાન ખુલ્લા રાખી આંખને મીંચી દેવી નહીં, કેમકે તેથી મહા અનર્થ થઇ જાય છે.

૨૭–જેણે પહેલી અવસ્થામાં વિદ્યા સંપાદન ન કરી, બીજી અવસ્થામાં ધન સંગ્રહ ન કર્યો, અને ત્રીજી અવસ્થામાં ધર્મ ન સાચવ્યો, તે ચોથી અવસ્થામાં શું કરવાનો છે ? કાંઇ નહીં.

૨૮–જૂઠું બોલવું એ અવિશ્વાસનું મૂળ કારણ, ખરાબ વાસનાનું સ્થાન, સમૃદ્ધિને અટકાવનાર, વિપત્તિનું દ્વાર, પારકાને ઠગવાની કુંચી, અને અપરાધનું નિવાસસ્થાન છે.

૨૯–વૈરરૂપી વૃક્ષનું દૃઢ અને મ્હોટું મૂળ સ્ત્રી, ધન અને જમીન છે.

ચુનીલાલ સોભાગ્યચંદ. ડીસાકાંપ.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સુંદર બાળ વચનામૃત.

( ૨ )

(૧૧) કલ્પવૃક્ષ સમાન સત્પુરૂષોનો સમાગમ સમજી દુર્જનોની સોબતનો શીઘ્રતાથી ત્યાગ કરવો તેજ શ્રેષ્ઠ છે.

(૧૨) કર્મ પ્રમાણે સર્વને સુખ દુઃખ આવે છે, તેમાં ઇન્દ્ર ચંદ્ર કે ચક્રવર્તી આદિ કોઇનો કાંઇ પણ દાવો ચાલી શકતો નથી; માટે દરેક ક્ષણે કર્મથી ચેતતા રહેવું.

(૧૩) કસ્તુરી કાળી હોવા છતાં કોઈ વખત આખર સ્થિતિમાંથી ઉગારે છે અને સોમલનો વર્ણ શ્વેત હોવા છતાં તે પલવારમાં પ્રાણનો નાશ કરે છે; માટે રૂપમાં ન મોહાતાં ગુણમાંજ રાગ કરતાં શીખવું.

(૧૪) કમળની ઉત્પત્તિ કાદવમાં છે, છતાં તે કાદવથી અલગ રહે છે, એવું આપણે પ્રત્યક્ષ જોયા છતાં આપણે સંસારરૂપી કાદવમાં ઉત્પન્ન થઇ તેમાંજ મચ્યા રહીએ તે આપણી વિદ્વત્તાને કલંકિત બનાવનાર છે.

(૧૫) કનીષ્ટ વસ્તુ વાપરવાથી પ્રાંતે બુદ્ધિનો વિનાશ થાય છે; માટે વિપત્તિના સમયે પણ કનીષ્ટ વસ્તુ વાપરવાનો અવશ્ય પ્રતિબંધ કરવો તેજ શ્રેયકારી છે.

(૧૬) કમોતે મરવાથી આત્માની માઠી ગતિ થાય છે, માટે જાણ પુરૂષોએ તેવા મરણથી અજ્ઞાની પુરૂષોને બચાવવા પ્રેમપૂર્વક પ્રયત્ન કરવો, જેથી પુન્યપ્રાપ્તિ રૂપ લાભ થાય છે.

(૧૭) કરપી જન લોકોમાં નિંદાપાત્ર થાય છે, એટલુંજ નહિ પણ મમ્મણ શેઠની પેઠે પોતાની લક્ષ્મી પોતે ભોગવી પણ શકતો નથી, માટે કૃપણતાનો ત્યાગ કરવો.

(૧૮) કસરત શરીરને સંપૂર્ણ બળ આપે છે; માટે શારીરિક સંપત્તિ ઇચ્છનારે કસરતની ટેવ પાડવી.

(૧૯) કટોરી મળતાં થાળની આશા ન રાખતાં જે અવસરે જે આવ્યું તેને અમૂલ્ય ગણી તેનો સાદર સત્કાર કરવો.

(૨૦) કપાયથી કાયા કૃષ બને છે, માટે શરીરની તંદુરસ્તીની કાળજી વાળાએ કષાયનો ત્યાગ કરવો.

ભાઇલાલ સુંદરજી મહેતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પ્રશ્નોત્તર

(પ્રશ્નકાર શા. ડાહ્યાભાઈ મોતીચંદ—બોરપાડ.)

પ્રશ્ન ૧—યુગપ્રધાન એટલે શું ? તે પદવી ગણધર ને આચાર્ય કરતાં વિશિષ્ટ છે કે નીચેની છે ? યુગપ્રધાનો ચોથા આરામાં થાય છે કે પાંચમા આરામાંજ થાય છે ? આ પાંચમા આરામાં કેટલા યુગપ્રધાન થવાના છે ? તેમાં કેટલા થઈ ગયા છે ? આ બાબતમાં જાણવા યોગ્ય હોય તે જણાવશો.

ઉત્તર—વર્તમાન સમયમાં વર્તતા તમામ આગમ-શાસ્ત્રના વેત્તા ઉપરાંત ખાસ પ્રભાવશાળી અતિશયવંત હોય તે **યુગપ્રધાન** કહેવાય છે. 'યુગમાં પ્રધાન-શ્રેષ્ઠ તે યુગ પ્રધાન ' એવી તેની વ્યાખ્યા છે. ગણધર તો પ્રભુના સમયમાંજ હોય છે. યુગપ્રધાન પદવી પણ આ પાંચમા આરા માટે છે. ચોથા આરામાં કેવળજ્ઞાની વિગેરે હોય છે. આ પાંચમા આરામાં ૨૩ ઉદયમાં થઈને ૨૦૦૪ યુગપ્રધાન આચાર્યો થવાના છે. આચાર્યોમાં શ્રેષ્ઠ એ પદવી છે. અત્યાર સુધીમાં બે ઉદય અને તેમાં (૪૩) યુગપ્રધાન થઈ ગયા છે ને ત્રીજો ઉદય ચાલે છે, એમ **યુગપ્રધાનગંડિકા** નામના ગ્રંથથી જણાય છે. શ્રીમાન્ આત્મારામજી મહારાજ તે હકીકત તેમના રચેલા અજ્ઞાનતિમિરભાસ્કરના પ્રારંભમાં લાવેલા છે. આ સંબંધમાં બહુ ચોક્કસ હકીકત બહુશ્રુતગમ્ય છે.

પ્રશ્ન ૨—ચંદુઓ એટલે શું ? તે રાખવાનું પ્રયોજન શું ? અને તે ક્યાં ક્યાં બાંધવા ? તે જણાવશો.

ઉત્તર—આકાશમાં ચંદ્રની ચાંદનીની જેમ ઉપરના ભાગમાં ઉજ્વળતા કરે, શોભા આપે તેને **ચંદુઓ** કહીએ. તે રાખવાનું પ્રયોજન રજ ન ખરે તેમજ જીવવિરાધના ન થાય તે છે. ચંદુઆ વિનાના ભાગમાંથી રજ ખરે છે અને બાવાં બંધાય છે. તેમાં જીવોત્પત્તિ થાય છે અને તે ખરે છે. ચંદુઓ હોવાથી તે બંને વાના થતાં નથી. નિર્મળ શોભીતો અને તંગ ચંદરવો દેરાસરમાં, ઉપાશ્રયમાં, રસોડામાં, ઘંટી ઉપર, ખારણીઆ ઉપર, પાણીઆરા ઉપર, સુવાના સ્થાન ઉપર, પોષધશાળામાં, વલોણાને સ્થાનકે, અને ભોજન કરવાને સ્થાનકે-એમ દશ સ્થાનકે બાંધવા. જ્યાં ઉપરના ભાગમાં ચંદુઆ જેવી બીજી સીલીંગ અને રંગ વિગેરેની પાકી ગોઠવણ હોય ત્યાં ચંદુઆની જરૂર કદાચ ઓછી રહે પરંતુ તે જગ્યાએ રજ થાય છે કે નહીં ? બાવાં બાઝે છે કે નહીં ? તે વાતની ખાત્રી કર્યા કરવી.

પ્રશ્ન ૩—મહાવીર પ્રભુ ગર્ભમાં હતા ત્યારે પોતાના હલવા ચલવાથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માતાને દુઃખ થશે એમ ધારી સ્થિર રહ્યા, પછી માતાને દુઃખ થતું જાણી પાછા હલ્યા અને અભિગ્રહ કર્યો કે–'માતા પિતા જીવતાં ચારિત્ર ન લેવું.' આ બધી હકીકતની ખબર પ્રભુના જન્મ્યા પછી તેમના પોતાના કહેવાથી પડી કે બીજા જ્ઞાનીઓના કહેવાથી પડી ? જ્ઞાનીએ તે હકીકત જાણી શકે ?

ઉત્તર—એ હકીકત ભગવંત કેવળજ્ઞાન પામ્યા પછી કહેલી છે, તેથી વધારે ખ્યાતિમાં આવેલી છે. બાકી અવધિજ્ઞાની પણ તે વાત જાણી શકે છે, એટલે મનઃપર્યવજ્ઞાની કે કેવળજ્ઞાની જાણે તેમાં તો શી નવાઇ ?

પ્રશ્ન ૪—વીરપ્રભુ દેવાનંદા બ્રાહ્મણીના ગર્ભમાં આવ્યા તે વાત ઇંદ્રે અવધિજ્ઞાનથી જાણીને હરિણગમેષી દેવને મોકલી તે ગર્ભ ત્રિશલારાણીની કુક્ષિમાં મૂકાવ્યો અને ત્રિશલામાતાનો ગર્ભ દેવાનંદાની કુક્ષિમાં મૂકાવ્યો. આમાં દેવાનંદાને અન્યાય આપ્યો કહેવાય કે નહીં ? અને જો કહેવાય તો તેથી ઇંદ્રને અશુભ કર્મનો બંધ પણ થાય કે નહીં ?

ઉત્તર—સૌધર્મ ઇંદ્રે એ કાર્ય પોતાની ફરજને અંગે કર્યું છે. જો કે એમાં દેવાનંદાને ગેરલાભ થયો છે ખરો, પરંતુ પ્રભુને ઉત્તમ કુળમાં મૂકવાની આવશ્યકતા વધારે હોવાથી તે કાર્ય કરવામાં સૌધર્મ ઇંદ્રને શુદ્ધ ભક્તિભાવથી ફરજ બજાવવાને લઇને લાભ વિશેષ થયો છે; ટોટો થયેલો નથી. હરિણગમેષીએ તો માત્ર અભિયોગીક ( સેવક ) દેવ તરીકે ઇંદ્રની આજ્ઞાનોજ અમલ કર્યો છે.

પ્રશ્ન ૫–દેવાનંદાની કુક્ષિમાં જેમ પુત્રનો ગર્ભ હતો તેમ ત્રિશલા માતાના ગર્ભમાં પુત્રનો ગર્ભ હતો કે પુત્રીનો ? જો પુત્રીનો હોય તો દેવનંદાના પુત્રના ગર્ભને લઇને પુત્રીના ગર્ભ મૂકવાથી તેને વધારે અન્યાય આપ્યો કહેવાય કે નહીં? વળી આ બધી વાત પ્રસિદ્ધિમાં ક્યારે આવી ?

ઉત્તર–ત્રિશલા માતાની કુક્ષિમાં પુત્રીનો ગર્ભ હતો, તે પુત્રના ગર્ભને બદલે દેવાનંદાની કુક્ષિમાં મૂકયો હતો, પણ તેમાં નિરૂપાયપણું હતું. આ વાતની ખબર ભગવંત કેવળજ્ઞાન પામ્યા પછી દેવાનંદા તેમની પાસે આવતાં ભગવંતને જોઇને તેને પાનો આવવાથી ભગવંતે બધી હકીકત કહી ત્યારે પડી હતી. દેવાનંદાની પુત્રીએ પણ પ્રભુપાસે દીક્ષા લીધી હતી.

પ્રશ્ન ૬—ત્રિશલા રાણી ને દેવાનંદાને પૂર્વભવનો એવો શું સંબંધ હતો કે જેથી દેવાનંદાનો અપૂવ લાભ ત્રિશલા રાણીને મળ્યો ? જો કે એમાં પ્રત્યક્ષ રીતે ત્રિશલા રાણીનો હાથ નથી, પણ આવી રીતે એકને મળેલો લાભ બીજાને પ્રાય પૂર્વકર્મજન્ય કારણ શિવાય મળતો નથી.

ઉત્તર–પૂર્વ ભવમાં દેવાનંદાએ ત્રિશલાનાં રત્નના ડાબલાનું હરણ કર્યું હતું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેથી આ ભવમાં તેનો પુત્રગર્ભ ત્રિશલાની કુક્ષિમાં ગયો હતો. આ સંબંધમાં શ્રી ભગવતીજીમાં તેમજ અન્ય ચરિત્રોમાં વિશેષ અધિકાર છે. એ કાર્યને અંગે જેને જેને લાભ ને હાનિ થયેલ છે તે બધાને પૂર્વકર્મને લીધેજ થયેલ છે. તે બધાનાં ચરિત્રો એક સ્થાનકે વાંચવામાં આવેલ નથી. પૃથક્ પૃથક્ ચરિત્રોમાં તે વાત આવેલી છે.

પ્રશ્ન–૭ બ્રાહ્મણ જાતિને પ્રથમ તો ચાર વર્ણમાં મુખ્ય ગણવામાં આવતી હતી, તે તુચ્છ જાતિમાં–હલકી જાતિમાં કયારથી ગણાણી કે જેથી બ્રાહ્મણના કુળમાં પ્રભુ આવ્યા તે આશ્ચર્ય ગણવામાં આવ્યું અને તેમાં ફેરફાર કરવાની જરૂર પડી ?

ઉત્તર–અમારા ધારવા પ્રમાણે જ્યારે બ્રાહ્મણ વર્ગનો બહોળો ભાગ ભિક્ષાવૃત્તિથી આજીવિકા કરનારો થયો હશે અને જૈનધર્મથી વિમુખ થવા સાથે તેનો વિરોધી પણ થયો હશે ત્યારથી તે કુળને તુચ્છ ગણવામાં આવેલ હશે. પ્રભુના ગર્ભને ફેરવવાનું કારણ તો દરિદ્રી કુળમાં તેમનો જન્મ ન હોવો જોઇએ, એટલુંજ નહીં પણ ક્ષત્રિય જેવા ઉચ્ચ અને શૂરવીર કુળમાં તેમજ રાજ્યવંશી કુળમાં જન્મ હોવો જોઇએ તે જણાય છે.

આવી હકીકતને વધારે ચોળવાથી બ્રાહ્મણ વર્ગ સાથે નિષ્કારણ નવો અભાવ ઉત્પન્ન ન થાય એ વાત ધ્યાનમાં રાખવાની છે.

પ્રશ્ન–૮ આવી રીતે ગર્ભનો ફેરફાર થવો તમને સંભવિત લાગે છે ? માતાના નાળ સાથે સળેલ એક ગર્ભ છુટો પડે ને બીજે એકત્ર થાય એ બની શકે એવી વાત છે ?

ઉત્તર–અત્યારના સાયન્સને અંગે આગળ વધેલા જમાનામાં ડાકટરો વિગેરે ઘણા અચંબો ઉપજાવે તેવા બનાવો દેખાડી આપે છે. બાકી આમાં તો દેવની અચિંત્ય શકિત તેજ ખાસ કારણભૂત છે, આ કાર્ય દેવને કરવું તેમાં કાંઈ મુશ્કેલી કે અશક્યતા લાગતી નથી.

પ્રશ્ન–૯ ગર્ભ પાલટો થયાના સમયે ત્રિશલા માતા કે દેવાનંદાને ખબર ન પડી તે તો ઠીક, પણ પ્રભુને પણ ખબર ન પડી એમ કહ્યું છે, તેથી શું ભગવાનના જ્ઞાનમાં ખામી જણાતી નથી ? અને ત્યારપછી એ વાતની ત્રિશલા રાણીને અને દેવાનંદાને ખબર પડી એમ કહેલ છે, તે શાથી ખબર પડી ? તેમને અવધિજ્ઞાન તો નહોતું ?

ઉત્તર–ગર્ભ હરણ વખતે પ્રભુને ખબર તો પડી છે, પરંતુ એવી કુશળતાભરી ચાલાકીથી પ્રભુને કે માતા કોઈને કાંઇ પણ કીલામણા ન થાય એમ ગર્ભ પાલટાનું કાર્ય કરેલ હોવાથી ખબર ન પડી એમ કહેલ છે. આ વાત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કલ્પસૂત્રમાં ટીકાકારે સ્પષ્ટ કરેલ છે. દેવાનદાને તો સ્વપ્નમાં જણાયું છે કે "જાણે મારા સ્વપ્નો ત્રિશલા રાણીએ હરણ કર્યા" પણ બીજું કાંઇ સમજાણું નથી. ત્રિશલા માતાને પણ પ્રભુનો ગર્ભ કુક્ષિમાં આવ્યો ત્યારે ૧૪ સ્વપ્ન આવ્યા, તે સિદ્ધાર્થ રાજાને તેમજ સ્વપ્નપાઠકને કહેવાથી ચક્રવર્તી કે તીર્થંકર પુત્ર થશે એવું તેનું ફળ બતાવ્યું ત્યારે ખબર પડી છે કે આવો ઉત્તમ ગર્ભ મારી કુક્ષિમાં આવ્યો છે. બાકી ગર્ભ બદલાયા સંબંધી તેને કાંઈ ખબર પડીજ નથી.

પ્રશ્ન-૧૦ મહાવીર પ્રભુ સંસારમાં ૩૦ વર્ષ રહ્યા અને યશોદાને પરણ્યા હતા એમ હકીકત આવે છે. તેને એક પુત્રીજ થઈ હતી કે બીજા સંતાન થયા હતા ? અને તે યશોદારાણી કોના પુત્રી હતા ? તેમનો પૂર્વભવનો સંબંધ શું હતો ?

ઉત્તર-મહાવીર પ્રભુને સંસારાવસ્થામાં માત્ર એક પુત્રીજ થઈ હતી. તેનું નામ **સુદર્શના** હતું. તેને **જમાળી** નામના રાજપુત્ર વેરે પરણાવી હતી. જમાળી અને સુદર્શના બંનેએ પ્રભુ પાસે દીક્ષા લીધેલી છે. યશોદારાણી સમરવીર રાજાના પુત્રી હતા. તેમના પૂર્વભવના સંબંધને લગતી હકીકત વાંચવામાં આવી નથી.

પ્રશ્ન-૧૧ મહાવીર પરમાત્મા અવધિજ્ઞાનથી જાણતા હતા કે-હું આ ભવમાં કેવળજ્ઞાન પામવાનો છું, તીર્થંકર થવાનો છું અને સિદ્ધિસ્થાન મેળવવાનો છું, તો પછી પરણ્યા શું કામ અને સંસાર શા માટે ભોગવ્યો ? શું એટલું ભોગાવળી કર્મ બાકીમાં હતું ? અથવા શું એટલા પરથી એમ જણાતું નથી કે દીક્ષા લીધા પહેલાં અમુક વર્ષ ગૃહસ્થાશ્રમ પણ પાળવો જોઈએ ?

ઉત્તર-જેમ અવધિજ્ઞાનથી કેવળજ્ઞાન વિગરે પામવાનું જાણતા હતા તેમ ૩૦ વર્ષ સુધી ગૃહસ્થાવાસ ભોગવવાનો છે અને તે રીતેજ કર્મ ખપવાના છે એમ પણ જાણતા હતા અને તેથીજ ગૃહસ્થાવાસ સ્વીકાર્યો છે. એટલું ભોગાવળી કર્મ બાકીમાં હતું એ પણ ખરી વાત છે. બાકી એટલા ઉપરથી એમ નથી ઠરતું કે દરેક દીક્ષા લેનારે પ્રથમ અમુક વર્ષ ગૃહસ્થાશ્રમ પાળવોજ જોઇએ; કારણ કે ઘણા ઉત્તમ જીવો નાની વયમાં ગૃહસ્થાશ્રમ સ્વીકાર્યા શિવાય ચારિત્ર ગ્રહણ કરી આત્મસાધન કરી ગયેલા છે. બાકી ઉદયગત કર્મ હોય તે ભોગવવાં પડે એ જુદી વાત છે.

પ્રશ્ન-૧૨ મહાવીર પ્રભુએ બાર વર્ષ છદ્મસ્થપણામાં પાણી વિના તપ કર્યો એ હકીકત બની શકે એવી છે ? પાણી વિના બાર વર્ષ ચાલી શકે ?

ઉત્તર-બાર વર્ષ પાણી વિના રહ્યા નથી. તેમાં જેટલો તપ કર્યો, છઠ્ઠ અઠ્ઠમાદિક ઉપવાસો કર્યા તે બધા ચોવિહારા કર્યા છે. બાકી ૩૪૯ દિવસ પારણા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કર્યા-ભોજન કર્યું તે દિવસે પાણી વાપરેલ છે અને એ તો શક્ય છે. અત્યારે પણ અઠ્ઠાઈ ને પંદર ઉપવાસ સુધી ચોવિહાર કરનારા સાંભળ્યા છે, તેમજ દીઠા પણ છે. પ્રભુ તો પ્રથમ સંઘયણના ધણી હતા. અચિંત્ય શક્તિવાળા અતુલ બળવાળા હતા તેથી તેમને માટે પાણી વિના ઉપવાસો કર્યાની હકીકત શંકા કરવા જેવી નથી.

પ્રશ્ન-૧૩ મહાવીર પ્રભુ પ્રથમ [૨૮ વર્ષ] માતા પિતાની હયાતી હોવાથી અને પછી બે વર્ષ ભાઈના આગ્રહથી સંસારમાં રહ્યા-દીક્ષા લીધી નહિ. તે ઉપરથી શું એવો અર્થ નીકળતો નથી કે સંસારના સંબંધીઓને તરછોડીને દીક્ષા ન લેવી? પરંતુ હાલના મનુષ્યો જો આનું અનુકરણ કરે તો પ્રાયે દીક્ષા લઈ શકે નહિ એમ જણાય છે; કારણ કે પરિણામની ચપળતા હોવાથી દીક્ષાના પરિણામ લાંબો વખત ટકી શકવા મુશ્કેલ હોય એમ લાગે છે.

ઉત્તર-મહાવીર પ્રભુ અવધિજ્ઞાનવાળા હતા, તેથી તેમાં જેવા ભાવ દીઠા હોય તેને અનુકૂળ વર્તન કરે-તેનો દાખલો બીજાએ લેવો નહીં, જો લેવો તો એ અર્થમાં લેવો કે માતાપિતાનો અને મોટા ભાઈનો વિનય જાળવવો-તેનું અપમાન ન કરવું. તેમનું કથન બની શકે તેવું હોય તો અવશ્ય પાળવું. બાકી ચારિત્ર લેવા જેવી હકીકતમાં તો બનતા સુધી તેમની સંમતિ મેળવીને પણ શ્રેયાંસિ बहु विघ्नानि એમ સમજીને જેમ બને તેમ આત્મહિતનું કાર્ય તો વહેલું કરવું. કાલને બદલે આજે કરવું એજ યોગ્ય છે.

પ્રશ્ન ૧૪-અછેરાનો અર્થ શું છે? અછેરા કેટલા થયા છે ને હવે પછી કેટલા થવાના છે? ગર્ભહરણ પણ અછેરામાં ગણાય કે?

ઉત્તર-અછેરૂં એ આશ્ચર્ય શબ્દનો અપભ્રંશ થયેલ શબ્દ છે. એવા દશ અછેરા આ ચોવીશીમાં ચોથા આરામાં થયા છે, હવે પાંચમા આરામાં થવાના નથી. ગર્ભહરણ પણ એક અછેરૂં છે. એવા પાંચ અછેરા મહાવીર પ્રભુના શાસનમાં થયેલા છે.

પ્રશ્ન ૧૫-મહાવીર પ્રભુ જન્મથી ત્રણ જ્ઞાન સંયુક્ત હતા; છતાં તેમને માતાપિતાએ નિશાળે બેસાડવાની તજવીજ કરી ત્યારે કાંઈ બોલ્યા નહીં તેનું શું કારણ? અને માતાપિતા શું તે વાતથી અજાણ્યા હશે?

ઉત્તર-ઉત્તમ પુરૂષો પોતાના ગુણની કે પોતાના બોધની વાત પોતાને મુખે કરતાજ નથી. તેમ પિતા પણ તે વાતથી અજ્ઞાત હતા, તેથીજ તેણે નિશાળગરણું કર્યું. ઇંદ્ર તે વાત પોતાના જ્ઞાનથી જાણતા હતા તેથી તેણે બ્રાહ્મણ રૂપે આવીને મહેતાજીના મનના સંશયો પ્રભુને પૂછી તેના મનમાન્યા ઉત્તર મેળવીને તે હકીકત સ્ફુટ કરી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રશ્ન ૧૯--મહાવીર પ્રભુ પોતાને ચવવું છે એમ જાણતા હતા, પણ ચ-વવાને સમયે જાણી શકયા નહિ, ચવ્યા પછી જાણ્યું કે હું ચવ્યો ? આમ થવાનું શું કારણ ? એટલી શું તેમના જ્ઞાનમાં મંદતા હતી ?

ઉત્તર-ચવવાનો કાળ એક સમયનો છે. પ્રભુને તે વખત અવધિજ્ઞાન હતું. તેનો વિષય સમયનો નથી, તે વિષય કેવળજ્ઞાનનો છે. એમ હોવાથીજ ચ્ય-વન સમયે પ્રભુ જાણી શકયા નથી. ( શારૂ )

# तत्त्वार्थनुं रहस्य-वार्त्तारुपे.

(અનુસંધાન પૃષ્ટ-૮૮ થી.)

પૂર્ણભદ્ર—સુમતિ ! રત્નત્રયી અને તત્ત્વોના નિર્દેશ, સ્વામીત્વ, સાધન, અને અધિકરણ આદિની બાબતો તમે સમજાવી તો તે દરેકની સ્થિતિનું કાંઈક વર્ણન આપશો ?

સુમતિ—જો ભાઈ ! એક જીવ આશ્રયી (ઔપશમિક, ક્ષાયોપશમિક અને ક્ષાયિક ) સમ્યગ્દર્શનની શરૂઆત થતી હોવાથી તે સર્વ સાદિ છે; તેમાંના બે ( ઔપશમિક અને ક્ષાયોપશમિક ) ઉત્પન્ન થઇને જતાં રહેતાં હોવાથી સાન્ત છે; પણ બાકીનું એક ( ક્ષાયિક ) ઉત્પન્ન થઈને કાયમ રહેવાવાળું હોવાથી અનંત છે. આ રીતે સમ્યગ્દર્શનની એક જીવ આશ્રયી સ્થિતિ સાદિ સાન્ત અને સાદિ અનન્ત છે. એક જીવ આશ્રયી સમ્યગ્દર્શનની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ સ્થિતિ છાસઠ સાગરોપમ સાધિક છે. સમ્યગ્ જ્ઞાન સમ્યગ્ દર્શન સાથેજ રહે છે અને (ક્ષાયિક અને ક્ષાયોપશમિક) સમ્યગ જ્ઞાનની સ્થિતિ સમ્યગ્ દર્શન પ્રમાણે સમજવી. જીવ સમ્યગ્ દર્શન પછી ( સાથેજ ) સમ્યગ્ જ્ઞાન અને ત્યારપછી સમ્યગ્ ચારિત્ર એમ એ ત્રણ અનુક્રમે પ્રાપ્ત કરે છે. (ઔપ-શમિક, ક્ષાયોપશમિક અને ક્ષાયિક) સમ્યગ્ ચારિત્રની સ્થિતિ પણ સમ્યગ્ દર્શન પ્રમાણેજ જાણવી.

હવે જીવના ગતિરૂપ પર્યાય દૃષ્ટિએ એક જીવની જઘન્ય સ્થિતિ અંત-મુહૂર્તની અને ઉત્કૃષ્ટ તેત્રીશ સાગરોપમની છે; કેમકે ચાર ગતિ પૈકી દેવ અને નરક ગતિના જીવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય તે પ્રમાણે હોય છે. દ્રવ્યદૃષ્ટિએ જીવની સ્થિતિ અનાદિ અનંત છે; કેમકે જીવની ઉત્પત્તિ કે નાશ નથીજ. અજીવની સ્થિતિ પર્યાયદૃષ્ટિએ સમય સમયની છે; કેમકે દ્રવ્યના પર્યાયોમાં સમયે સમયે ફેર-

For Private And Personal Use Only

ફાર થયા કરે છે. દ્રવ્યદૃષ્ટિએ તેની સ્થિતિ પણ અનાદિ અનંત છે; કેમકે દ્રવ્યનો નાશ થતો નથી, પણ માત્ર પર્યાયોનોજ નાશ ને ઉત્પાત્ત થાય છે. આ રીતે જીવ અને અજીવ પર્યાયદૃષ્ટિએ અનિત્ય અને દ્રવ્યદૃષ્ટિએ નિત્ય છે. આશ્રવની સ્થિતિ એક જીવ આશ્રયી અનાદિ સાન્ત છે, કેમકે જીવને કર્મ રૂપી મળ અનાદિ કાળનો લાગેલ છે, કે જે મળ આશ્રવ વગર ન હોઇ શકે; વળી મુક્ત થતા જીવને આશ્રવ નથી હોતો, તેથી તેવા જીવોના આશ્રવનો અંત છે. સર્વ જીવોની દૃષ્ટિએ આશ્રવની સ્થિતિ અનાદિ અનંત છે, કેમકે સર્વ કાળે કોઇ ને કોઇ જીવ કર્મનો આશ્રવ કર્યાજ કરે છે. પ્રકૃતિબંધની સ્થિતિ એક જીવ આશ્રયી નીચે પ્રમાણે છે,

| કર્મપ્રકૃતિ. | જઘન્ય સ્થિતિ. | ઉત્કૃષ્ટ સ્થિતિ. |
|---|---|---|
| ૧ જ્ઞાનાવરણીય | અંતઃમુહૂર્ત. | ૩૦ કોડાકોટી સાગરોપમ. |
| ૨ દર્શનાવરણીય | ” | ” |
| ૩ વેદનીય | બાર મુહૂર્ત | ” |
| ૪ મોહનીય | અંતઃમુહૂર્ત | ૭૦ કોટાકોટી સાગરોપમ |
| ૫ આયુ | ” | ૩૩ સાગરોપમ. |
| ૬ નામ | આઠ મુહૂર્ત | ૨૦ કોડાકોટી સાગરોપમ |
| ૭ ગોત્ર | ” | ” |
| ૮ અંતરાય | અંતઃમુહૂર્ત | ૩૦ કોટાકોટી સાગરોપમ. |

જીવને કર્મ પ્રકૃતિ બંધ જઘન્ય ઉ કે તે બેમાંની મધ્ય સ્થિતિનો પડે સર્વ જીવ આ બંધની સ્થિતિ નાદિ અનંતછે કે કોઇને કોઇ સર્વ કાળે કર્મ કરેજ છે.

સંવરની એક જીવ આશ્રયી જઘન્ય સ્થિતિ અંતઃમુહૂર્ત અને ઉત્કૃષ્ટ સ્થિતિ પૂર્વકોટી દેશ ઉન છે; કેમકે ચારિત્રની ઉત્કૃષ્ટ સ્થિતિ પૂર્વકોટી વર્ષમાં નવ વર્ષ ઓછી છે. સર્વ જીવ આશ્રયી સંવરની સ્થિતિ પણ અનાદિ અનંત છે નિર્જરાની એક જીવ આશ્રયી સ્થિતિ અંતઃમુહૂર્ત અને સર્વ જીવ આશ્રયી અનાદિ અનંત છે. મોક્ષની એક જીવ આશ્રયી સ્થિતિ સાદિ અનન્ત અને સર્વ જીવ આશ્રયી અનાદિ અનંત છે.

પૂર્ણભદ્ર-આ તો સારી સમજમાં આવી ગયું પણ કાળની ગણત્રી સમજાવશો

સુમતિ—તમારો પ્રશ્ન સમયોચિત છે. જે કાળનો ભાગ ન થઇ શકે તેવો ( અતિનિર્વિભાજ્ય ) કાળ તે “ સમય ” કહેવાય છે; જૈન દર્શનનો તે પારિભાષિક શબ્દ છે.

પૂર્ણભદ્ર—સમય અને સેકન્ડમાં ફરક હશે ?

સુમતિ—સેકન્ડમાં તો અસંખ્યાત સમય હોઇ શકે; કેમકે આંખ મીંચી ખોલતાંજ અસંખ્યાત સમય થઇ જાય છે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૂર્ણભદ્ર—એમ તે કાંઈ બને ખરૂં !

સુમતિ—એક દૃષ્ટાંત લો. તમે એક જીર્ણ વસ્ત્ર લો; તે વસ્ત્રને આંખ મીંચીને ખોલો તેટલામાં તો તમે ફાડી નાંખી શકોજ. હવે તે વસ્ત્ર ફાટ્યું તો તેના દરેક તાંતણાને તુટતાં પણ વખત તો થયો હોવોજ જોઈએ; બધા એકી સાથે તુટ્યા તેમ તો તમે નહિજ કહો. એટલે તે વસ્ત્રનો પ્રથમ તાંતણો તુટ્યો ત્યારે બીજો નહોતો તુટ્યો; બીજો તુટ્યો ત્યારે ત્રીજો આખો હતો; આ રીતે જોતાં જેટલા આ વસ્ત્રનાં તાંતણાં આંખ મીચીને ખોલીએ તેટલામાં તમે તોડ્યા તેટલા સમય એક દૃષ્ટિથી થયા; હવે તેવુંજ એક વસ્ત્ર તમારા કરતાં એક મજબુત માણુસ લે તેજ માણુસ તેજ વસ્ત્ર તમારા કરતાં ઓછાજ વખતમાં ફાડી નાંખી શકે તે તો સમજી શકાય તેમ છે; તેથી તમે આંખ મીંચીને ખોલો અને તે આંખ મીંચીને ખોલે તેટલામાં પણ ફેર પડે. આ ઉપરાંત તમે જે વસ્ત્ર ફાડી શકયા અને મજબુત માણુસ ફાડી શકયો તેમાં પણ વખતની ઓછાવત્તી થઈ; તે પ્રમાણે વસ્ત્રનો એક એક તાંતણો તુટતાં જે સમય થયો તેમાં પણ તરતમતા થઇ. એટલે તમે એક તાંતણો તોડ્યા તે સમય; મજબુત માણુસે એક તાંતણો તોડ્યો તે સમય અને ત્રીજો તમારે બેને એક તાંતણો તોડતાં સમયમાં જે ફરક પડ્યો તે સમય—એમ ત્રણ પ્રકારના સમય થયા. તેમાં પણ છેવટનો તો સૂક્ષ્મ છે. આટલે સુધી તો ચર્મચક્ષુવાળા આપણને અનુભવગમ્ય છે; જો આટલી સૂક્ષ્મતા સુધી આપણે પહોંચીએ, તો જ્ઞાનીઓને તો જાણવાનું બાકીજ શું રહ્યું છે કે સૂક્ષ્મ સમય આદિ ન જાણે ? જ્ઞાનીની દૃષ્ટિનો સમય અને આપણી દૃષ્ટિના ઉપરોકત ત્રણ પ્રકારના સમયમાં તો ફરક રહેજ. જ્ઞાનીની દૃષ્ટિનો જે સમય(એટલે જે વખતનો બીજો ભાગ ન થઇ શકે તેટલો કાળ તે સમય) અનુભવગમ્ય ન થવાથી આપણી દૃષ્ટિમાં ન આવે; પણ તે અસ્તિત્વમાં તો છે એમ બુદ્ધિ માની શકે. અને આ દૃષ્ટાંત તેમાં શ્રદ્ધાપૂર્તિરૂપ થઇ શકે તેમ છે. કેમ ખરૂં કે નહિ ?

પૂર્ણભદ્ર—ખરૂં છે, તમે તો વિષયમાં રસિકતા દાખલ કરી દો છો, અને વિચારસંકલના માટે તદ્રૂપ દૃષ્ટાંત મૂકો છો. હવે કાળનું વર્ણન આગળ ચલાવો.

સુમતિ—તેવા ૯ સમય તે જઘન્ય અંતઃમુહૂર્ત. | અસંખ્ય સમયની ૧ આવલી. | ૨૫૬ આવલી ૧ ક્ષુલ્લક ભવ. | ૨૨૨૩ ૧૨૨૯/૩૭૭૩ આવળીએ ૧ ઉશ્વાસ કે નિશ્વાસ. | ૪૪૪૬ ૨૪૫૮/૩૭૭૩— ૧ શ્વાસોશ્વાસ કે પ્રાણ. | ૭ પ્રાણ—૧ સ્તોક. | ૭ સ્તોક—૧ લવ. ૩૮½ લવ— ૧ ઘડી—૨૪ મીનીટ. | ૨ ઘડી—૪૮ મીનીટ—૧ મુહૂર્ત—તેમાં ૧૬૭૭૭૨૧૬ આવલી. | એક મુહૂર્તમાં એક સમય ઓછો—૧ ઉત્કૃષ્ટ અંતઃમુહૂર્ત. | ૩૦ મુહૂર્ત—૧ રાત્રી દિવસ—૨૪ કલાક. | ૧૫ રાત્રી દિવસ—૧ પક્ષ—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પખવાડીયું | ૨ પક્ષે-૧ માસ. | ૬ માસ-૧ (ઉત્તર કે દક્ષિણ) અયન. | ૨ અયન-૧ વર્ષ. | ૫ સૂર્યવર્ષ-૧ યુગ. | ૮૪ લાખવર્ષ-૧ પૂર્વાંગ. | ૮૪ પૂર્વાંગે-૧ પૂર્વ. ૭૦૫૬૦૦૦૦૦૦૦૦૦૦ વર્ષ. | અસંખ્ય વર્ષે-એક પલ્યોપમ તેના વર્ષની ગણત્રી ન થઇ શકે તેમ હોવાથી શાસ્ત્રમાં જુદી જુદી રીતે તે બતાવેલ છે. સામાન્ય જનસમૂહ સમજી શકે માટે સર્વજ્ઞ એવા શ્રી ભગવંતે પ્યાલાનું દૃષ્ટાંત બતાવ્યું છે. તે આ પ્રમાણે:—એક યોજન લાંબો, તેટલોજ પહોળો અને તેટલોજ ઉંડો એવો ખાડો જે "પલ્ય" કહેવાય છે. તે ઉત્તરકુરૂ ક્ષેત્રના યુગલીઆના એકથી સાત દિવસના ઉગેલ વાળના સૂક્ષ્મ ખંડથી ઠાંસીને ભરી દેવો; પછી દર સો વર્ષે એક એક ખંડ કાઢતાં જેટલા કાળે તે ખાડો ખાલી થાય તે કાળ(પલ્ય+ઉપમા)બાદર અદ્ધા પલ્યોપમ કહેવાય છે. તે વાળના ખંડની અસંખ્યાત ગુણી કલ્પના કર્યા પછી સો સો વર્ષે કાઢતાં સૂક્ષ્મ અદ્ધા પલ્યોપમ-તેવા ૧૦ કોટાકોટી પલ્યોપમે-૧ સાગરોપમ. | ૧૦ કોટાકોટી સાગરોપમે-૧ ઉત્સર્પિણી કે અવસર્પિણી. | ૨૦ કોટાકોટી સાગરોપમે-૧ કાલચક્ર. | અનંત કાલચક્રે-૧ પુદ્‌ગલ પરાવર્ત.

પૂર્ણભદ્ર-કોટાકોટી અને કાલચક્રનું સ્વરૂપ કહેશો ?

સુમતિ-હા. ક્રોડને ક્રોડે ગુણતાં કોટાકોટી થાય. એક ગોળ વસ્તુ હોય તો તેને બે બાજુ હોય છે, એક ચઢતી અને એક ઉતરતી; તેવી રીતે કાળરૂપ ચક્રના બે ચઢતા અને ઉતરતા વિભાગ છે. ઉત્સર્પિણી--જે કાળમાં સમયોત્તર રસકસ, સંઘયણ, બુદ્ધિ, વીર્ય, બળ, આયુ આદિ વધતાં રહે તે કાળ. અને અવસર્પિણી-જે કાળમાં સમયોત્તર રસકસ આદિમાં ન્યૂનતા થતી જાય તે કાળ. તે બે વિભાગમાંના દરેક વિભાગના છ છ આરા છે. અવસર્પિણીના છ આરાના નામ અને સ્થિતિ આ પ્રમાણે છે. ૧ સુખમા સુખમા. ૪ કોટાકોટી સાગરોપમ. | ૨ સુખમા. ૩ કોટાકોટી સાગરોપમ. | ૩ સુખમા દુઃખમા. ૨ કોટાકોટી સાગરોપમ. | ૪ દુઃખમા સુખમા. ૧ કોટાકોટી સાગરોપમમાં૪૨૦૦૦ વર્ષ ઓછાં. | ૫ દુઃખમા. ૨૧૦૦૦ વર્ષ. | ૬ દુઃખમા દુઃખમા ૨૧૦૦૦ વર્ષ. | આમ છ આરાની કુલ સ્થિતિ દશ કોટાકોટી સાગરોપમની છે. આથી ઉલ્ટા કાળે પણ તેજ પ્રમાણેની સ્થિતિવાળા ઉત્સર્પિણી કાળના છ આરા છે. તે બંને ભાગના બાર આરાની કુલ સ્થિતિ વીશ કોટાકોટી સાગરોપમની છે.

પૂર્ણભદ્ર-આ કાળની ગણત્રી સર્વત્ર આજ પ્રમાણે છે ?

સુમતિ-ના, આ ગણત્રી (જંબૂ, ધાતકી અને અર્ધ પુષ્કરવર) અઢી દ્વીપ સુધી છે; તેથી તેની ગણત્રી માત્ર મનુષ્યલોકમાંજ છે; તેની બહાર કાળની ગણત્રી નથી, છતાં સર્વગતિના જીવોના આયુષ્ય આદિની ગણત્રી આ મનુષ્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લોકના કાળ પ્રમાણેજ થાય છે. વર્તમાન કાળ એક સમયનો છે; ભૂત કાળ અનંત સમયનો છે અને ભવિષ્ય કાળ તેથી અનન્ત ગુણા સમયનો છે.

પૂર્ણચંદ્ર—આજનો વિષય રમુજ અને રસપ્રદ બન્યો. હવે તો તે સર્વના પ્રકાર વિષે માહિતી આપશો ?

સુમતિ—હા ભાઇ ! આપણે તે વિષે ફરી મળશું ત્યારે વિચાર કરશું.

**ચીમનલાલ દ. શાહ.**

# हिंमत धरो.

**( લેખક-પી. એન. શાહ. અંગ્રેજી સ્કુલ માસ્તર-થરા. )**

' ફરીથી કરો ' આ બોલ હમેશાં યાદ કરો. એક વખત હારો તો બીજી વખત કરો. કદી કોઇ સારા કામમાં નાઉમેદ ન થાઓ, તોજ તમારૂં કામ હમેશાં પાર પડશે. થોડે થોડે બધું થઇ શકે છે. મોટાં દેરાસરો, મોટી ઇમારતો તરફ દ્રષ્ટિ કરો, તે કામ એકી વખતે થઈ ગયું હશે ? નહિ ! નહિ ! ધીમે ધીમે સૌની મદદથી મોટું કામ સરળતાએ નાનું થાય છે. અંગ્રેજીમાં કહેવત છે કે " Try again " ફરીથી કરો. ગુજરાતીમાં પણ કહેવત છે કે ' હિંમતે મરદાં તો મદદે ખુદા' વળી 'उद्योगेन फलं लभथाः' ઉદ્યોગ હાથે તંગી નસાડે. આળસ એ શરીરનો કટ્ટામાં કટ્ટો દુશ્મન છે. ઉદ્યોગ સારામાં સારો મિત્ર છે. તે દરેક વખતે સહાય રૂપ થઇ કામ પૂર્ણ બનાવે છે. મોટા ગ્રંથો શી રીતે લખાય છે ? ધીમે ધીમે. તળાવ શી રીતે ભરાય છે ? ટીપે ટીપે. ઘર શાથી ઢંકાય છે ? નાનાં નાનાં નળીઆંવડે. વિચારો. નાના નાના જડ પદાર્થો એકસંપી વડે મોટાં કાર્યો કરે છે. હાથી જેવા મદોન્મત્તને તણખલાના એકઠા થવાથી બાંધી શકાય છે. ભાઇઓ ! તમે સંપ કરો, આળસ છોડી દો. વારંવાર શું કહું ? વીરના દીકરા થઇ શૂરવીર બનો, આત્મિક શક્તિ ફોરવો, પુરૂષાર્થ કરો, રંક નહિ બનો; રંક બને શું વળે ? એકને રડતો દેખી શું વળે ? એકને રડતો દેખી શું કરવા રડો છો ? શાંત રાજ્યની છત્ર છાયા નીચે લુંટ ચોરી વિગેરે મોટા ભયો ટળી ગયા છે. વાઘ બકરી એક આરે પાણી પીએ છે. એક વિદ્વાન માણસ બુદ્ધિબળથી શું નથી કરી શકતો ? એક બળદ કેટલું અનાજ પકવે છે ? કોના જોરવડે ? જેનામાં બુદ્ધિ તત્ત્વ છે તે શું ન કરી શકે ? હું તો કહું છું કે મોટાં રાજ્યના રાજ્ય ચલાવી શકે. ભાઇઓ ! તમને આ મનુષ્યપણામાં વખત બહુજ અમૂલ્ય મળ્યો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે, તે નહીં ખોવો. રગે રગે રોમે રોમે સાવધાન થઈ કરી ધર્મ કરો. દુર્ગતિમાં પડતાં જીવને બચાવે તે ધર્મ. સતત ધર્મ કરો. ઉત્તમ ખોરાકથી ઉત્તમ બુદ્ધિ બને છે. એડીસન બહુ ઉદ્યોગી હતો. અકબર બાદશાહને ઉંઘ બહુજ કમ હતી. જાગૃત થાઓ. નાઉમેદ નહીં બનો. હિંમત નહીં હારો. 'હું રંક છું, કાયર છું' એમ નહીં બોલો. પણ 'હું વીરપુત્ર શુરવીર અનંત શક્તિનો ધણી છું, આત્મા રાજા હોવાથી સર્વપર હુકમ ચલાવનાર છું' એમ સમજો. મોટા મનુષ્ય તરફ દૃષ્ટિ કરો, તે કેવા ઉદ્યોગી હોય છે ? ન્યાયનીતિસર કમાઓ. કપટપણું–જુઠાપણું છોડી દો. કાવાદાવા ઓછા કરો. જ્ઞાન ભણો, ભણાવો. હમેશાં મન સાથે એમ નિયમ કરો કે અમુક તો શીખવું, તો શીખાશેજ. ગામ ગપાટા નહિ કરો, ચાર કુકથાઓ ( રાજકથા–દેશકથા–ભક્તકથા–સ્ત્રીકથા ) જે વિકથાઓ છે તે ટાળો. ધર્મકથા કરો. પરમ સુખ મળશે. જે સુખનું વર્ણન શું કરી શકાય ? બીજા દેશના મનુષ્યો આપણાં ગહન શાસ્ત્રોમાંથી જ્ઞાન લઈ આનંદ માને છે, ત્યારે આપણે તેને સાચવી રાખીએ છીએ (સંતાડીએ છીએ), પણ તેને વાંચીને સમજી શકતા નથી. કેટલી શરમની વાત છે ? નવરાશે પુસ્તકો વાંચો. દરેક કામમાં હિંમત ધરો. સાહસિક થઈ સારાસારનો વિચાર કરો. જૈનો બહુ દીર્ઘદર્શી હોય છે. દરેક જોડે સંપ રાખો. કુસંપને દેશવટો આપો. હિંમત ધરો. ફરીથી યાદ કરો. ધાર્મિક જ્ઞાન–નીતિની કેળવણી ફેલાવો, એજ લેખકની નમ્રતાપૂર્વક વિનંતિ છે.

# श्री जैन साहित्य परिषद्–सुरतमां पसार थयेला ठरावो.

( તા. ૨૭–૨૮–૨૯. સોમ, મંગળ, બુધ. )

ઠરાવ ૧ લો—જે જે સંસ્થાઓ અને રાજા મહારાજાઓ તથા વ્યક્તિઓ જૈન સાહિત્ય ક્ષેત્રમાંથી પ્રાચીન અને અર્વાચીન ગ્રંથો બહાર પાડીને સાહિત્યને પુષ્ટિ આપવાને સતત પ્રયત્ન કરી રહ્યા છે તે સર્વનો આ પરિષદ્ આભાર માને છે.

ઠરાવ ૨ જો—બીજી પરિષદ્ મળે ત્યાં સુધી પરિષદ્નું કામકાજ ચાલુ રાખવા માટે (૨૦) ગૃહસ્થોની એક કમીટી નીમવામાં આવે છે. તેમણે પરિષદ્માં મંજુર થયેલા ઠરાવોનો બનતો અમલ કરાવવાને અને પરિષદ્ના પ્રસિદ્ધ થયેલા હેતુઓ સફળ કરવાને બનતો પ્રયાસ કરવો અને પરિષદ્માં થયેલ કામકાજનો રિપોર્ટ પ્રગટ કરવો. કમીટીએ આ કાર્ય કરવા માટે એક સારા ફંડની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવશ્યકતા છે.

**ઠરાવ ૩ જો**—જે જે સ્થાનના આપણા જ્ઞાનભંડારો સર્વેના ઉપયોગ માટે ખુલ્લા ન થયા હોય તે ભંડારો ખુલ્લા મુકાવવા; જે જે ભંડારોના પુસ્તકોની યાદીઓ પ્રસિદ્ધ થઇ ન હોય તેઓની યાદીઓ પ્રગટ કરાવવી. અને પ્રસિદ્ધ ન થયા હોય પણ પ્રસિદ્ધ કરવા જેવાં હોય તે પુસ્તકો યોગ્ય મુનિરાજો તથા જૈન વિદ્વાનોની દેખરેખ નીચે પ્રગટ કરાવવા. આ બાબત યોગ્ય પ્રયત્ન કરવાને માટે તે તે ભંડારોના વ્યવસ્થાપકોને આ પરિષદ્ ભલામણ કરે છે.

**ઠરાવ ૪ થો**—જૈન ધર્મનાં દરેકે દરેક પુસ્તક છાપેલાં અને લખેલાં મેળવીને એકઠાં કરી દરેકની અકેક નકલ મળી શકે તેવો એક સકળ જૈન સંઘનો મધ્યસ્થ જ્ઞાનભંડાર કરવાની આવશ્યકતા આ પરિષદ્ સ્વીકારે છે. તમજ એક જૈન કોલેજ સ્થાપવાની જરૂર પણ આ પરિષદ્ જણાવે છે.

**ઠરાવ ૫ મો**—જૈન સસ્તું સાહિત્ય વધુ પ્રચાર પામે તેવો પ્રયત્ન કરવાને આ પરિષદ્ જરૂર જણાવે છે. અને તે કરવાને માટે મંડળો સ્થપાય એવી અગત્ય આ પરિષદ્ સ્વીકારે છે.

**ઠરાવ ૬ ઠો**—કેમ્બ્રીજ યુનીવરસીટીના Ancient India પ્રથમના ભાગમાં તથા શ્રીમાન કનૈયાલાલ મુનશી તેમજ અન્ય અજૈન વિદ્વાનો તરફથી જે જે જૈન ધર્મ સંબંધે ભૂલભરેલાં અને જૈન કોમની લાગણી દુઃખાય તેવાં લખાણો પ્રગટ થયા છે તેને આ પરિષદ્ નાપસંદ કરે છે, અને તેવા લખાણોનું કારણ તે લેખકોની જૈન ધર્મ સંબંધી અભ્યાસની ઓછપ ( અજ્ઞાનતા ) છે તેમ આ પરિષદ્ માને છે. તેથી તેવા વિદ્વાનો જૈન ધર્મ સંબંધી લખાણો લખતાં પહેલાં જૈન ધર્મનો વિશેષ અભ્યાસ કરીને લખે એ ઉચિત છે એમ આ પરિષદ્ દઢપણે માને છે.

આ ઠરાવોનો અમલ કરવા માટે નીમાયેલી કમીટી પોતાનો ઉદ્યમ શરૂ રાખશે એમ ઇચ્છીએ છીએ.

તંત્રી.

## શ્રી માંગરોળ ( વાઘરી ) માં પ્રતિષ્ઠા મહોત્સવ.

અહીં નવા બંધાવેલા જિનમંદિરમાં કેરવાડાથી લાવેલ ત્રણ જિનપ્રતિમાની પ્રતિષ્ઠા જેઠ શુદિ ૩ જે ઘણા આનંદથી થઇ છે. એ પ્રસંગ ઉપર અઠ્ઠાઇ મહોત્સવ, અષ્ટોત્તરી સ્નાત્ર અને નવકારશીઓ થવાથી શાસનની ઉન્નતિ બહુ સારી થઈ છે. દેવદ્રવ્યમાં ઉપજ પણ વિશેષ થઇ છે. બહારગામથી માણસો પણ ઘણું આવેલ હતું. તેમની આદર બરદાસ્ત સારી રીતે કરવામાં આવી છે. સર્વ કાર્ય નિર્વિઘ્ને થયું છે. આનંદ વર્તાણો છે. આ કાર્યમાં પ્રારંભથી શેઠ માણેકચંદ વમળચંદનો પૂર્ણ પ્રયાસ છે, તેમને ધન્યવાદ ઘટે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## એક મુનિરાજે કરેલી ખાસ સૂચનાઓ.

૧ શ્રીસેનપ્રશ્નમાં કહ્યું છે કે--નવદીક્ષિત મુનિને દીક્ષા આપ્યા પછી અચિત્તરજ ઓહડાવણીય કાયોત્સર્ગ કરાવવો ભૂલી જવાય તો ફરીને દીક્ષા આપ્યા પછી આવશ્યકાદિ યોગાનુષ્ઠાન અને ઉપસ્થાપના કરાવવી સૂઝે.

૨ શ્રીસેનપ્રશ્નમાં કહ્યું છે કે-ચૈત્ર માસ સંબંધી કાયોત્સર્ગ કરવો ભૂલી જવાય તો પોતાને યોગ વહેવા કે બીજાને યોગ વહેવા સંબંધી ક્રિયા કરાવવી ફરીને તે કાયોત્સર્ગ કરતાં સુધી ન સૂઝે.

૩ શ્રીસેનપ્રશ્નમાં કહ્યું છે કે-ચોવિહાર ઉપવાસ કરનારે પણ સાંજે પ્રતિક્રમણ કરતી વખતે મુહપત્તિ પડિલેહીને ચોવિહારનું પ્રત્યાખ્યાન લેવું.

૪ ચૈત્રના અંકમાં પાને ૨૪ મે સમકિત પામ્યા પછી ઉત્કૃષ્ટ અર્ધ પુદ્ગળપરાવર્ત્તન સંસારમાં ફરે તે પુદ્ગળ પરાવર્ત્તન **દ્રવ્યથી** લખાણું છે તે ભૂલ છે; તે સ્થાને **ક્ષેત્રથી** સમજવું.

૫ તીર્થોએ યાત્રા કરવા જનાર યાત્રાળુઓમાંથી કેટલાક અજ્ઞાનીઓ કોયલાવડે ભીંતોપર પોતાનું નામ વિગેરે લખે છે તે ભૂલ છે, માટે તેમ ન લખવું.

૬ રસોઇ કરનાર બ્હેનોએ રસોઇ કરવામાં એઠું પાણી ન વાપરતાં ચોખ્ખું પાણી વાપરવું. એઠું પાણી વાપરીને કરેલી રસોઇ મુનિરાજને વહોરાવવામાં બાધક લાગે છે.

## સજ્જન દુર્જન વિષે.

ખળ સજ્જન હોય આઠ નવ, અંક સમાન વિચાર;
દીગુન ત્રિગુન ફુની ચઉગુન, બધત ઘટત એક તાર. ૧.

ભાવાર્થ—ખળ અને સજ્જનને આઠના ને નવના અંક સમાન સમજવા. આઠ ને બેએ ગુણો તો ૧૬ થાય, તે બે અંકનો સરવાળો ૭. ત્રણે ગુણો તો ૨૪ થાય, તે બે અંકનો સરવાળો ૬. ચારે ગુણો તો ૩૨ થાય, તે બે અંકનો સરવાળો ૫. પાંચે ગુણો તો ૪૦ થાય, એટલે ૪. ત્યારપછી પાછા છ ગુણા કરતાં ૪૮ એટલે ૪-૮ મળી ૧૨ થયા, એમ એકદમ વધી ગયા. પાછા સાત ગુણા કરતાં, આઠગુણા કરતાં, નવગુણા કરતાં, દશગુણા કરતાં ઘટવા લાગ્યા, ૧૧-૧૦-૯-૮ થયા.

આ પ્રમાણે દુર્જનનો સંબંધ તો ઘટતો જાય છે અને સ્વાર્થ હોય ત્યારે વધતો જાય છે. અને સજ્જનનો સંબંધ તો નવના અંક પ્રમાણે છે. એટલે નવને ગમેતેટલા અંકે ગુણો ને તે અંકોનો સરવાળો કરો તો નવજ આવશે, એટલે સજ્જન સુખના કે દુઃખના ગમે તે પ્રસંગમાં અસલ પ્રમાણેજ સ્થિત રહે છે, ઘટતા નથી, બદલાતા નથી. આ વાતનું રહસ્ય ખાસ સમજવા યોગ્ય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# पुस्तकोंनी पहोंच

## १ श्री पंचप्रतिक्रमण मूळ सूत्र.

આ બુક શ્રી જૈન નવ યુવક મિત્રમંડળ મુ. લોહાવટ (મારવાડ) નિવાસી તરફથી બહાર પડી છે. તેની એક નકલ મળી છે, તે જોતાં આ પ્રયાસ બુક વાંચીને પ્રતિક્રમણ કરનાર માટે કર્યો છે. તેમાં એક સૂત્ર ગમેતેટલી વાર આવે તેટલીવાર છાપેલ છે. પ્રયાસ બહુ કર્યો છે. રાઇ પ્રતિક્રમણ, દૈવસિક પ્રતિક્રમણ ને પાક્ષિક પ્રતિક્રમણ સાદ્યંત સંલગ્ન લખેલ છે. તેની પ્રસ્તાવના સદરહુ મંડળના પ્રેસીડેન્ટ છોગમલ કોચરે લખી છે, તેમાં પણ જાણવા લાયક હકીકત સમાવી છે. નકલ ૫૦૦૦ છપાવી છે. સહાયકારક મળેલ છે. તેમણે પોતાનું નામ ગુપ્ત રાખ્યું છે. બુકની કિંમત રાખી નથી તેથી ભેટ આપવાનોજ ઇરાદો જણાય છે. બુકના છેવટના ભાગમાં નવસ્મરણો ઉપરાંત કેટલાક ઉપયોગી સ્તોત્રો દાખલ કર્યા છે. શુદ્ધ કરવાનો પ્રયાસ પણ ઠીક કર્યો છે. મંગાવનારે સદરહુ મંડળ ઉપર પત્ર લખવો.

## ૨ તરંગવતી,

આ મહાવીર પરમાત્માની એક સાધ્વીની આત્મકથાનું ભાષાંતર છે. તે પ્રાકૃતભાષાની કૃતિ ઉપરથી જર્મન અનુવાદ થયેલો તેનું ગુજરાતીમાં પટેલ નરસિંહભાઇ ઇશ્વરભાઇએ કરેલ તે બબલચંદ કેશવલાલ પ્રેમચંદ મોદીએ અમદાવાદમાં છપાવી પ્રસિદ્ધ કરેલ છે. ખાસ વાંચવાલાયક છે. કિંમત બારઆના રાખેલ છે. અમદાવાદ—હાજાપટેલની પોળનું ઠેકાણું કરીને મંગાવવી. જૈન સાહિત્ય સંશોધકના બીજા અંકમા પણ આ કથા સામેલ કરેલી છે.

## ૩ ભજન પદ સંગ્રહ. ભાગ ૯ મો.

આચાર્ય શ્રી બુદ્ધિસાગરજી કૃત આ વિભાગ **શ્રી અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ** તરફથી ગયા વર્ષમાં બહાર પડેલ છે. તેના પ્રારંભમાં પ્રસ્તાવના સુમારે ૫૦ પૃષ્ટમાં બહુ ઉપયોગી લખી છે. ત્યારબાદ ભજનાદિ ૧૫૯ વસ્તુઓ તેમાં દાખલ કરી છે. તેની અંદર કેટલાક તો ખાસ નાના મોટા ગ્રંથ હોય તેવી વસ્તુઓ ગ્રંથસંજ્ઞાથીજ દાખલ કરેલ છે. તેમાં અભયકુમાર નીતિ બોધ, પ્રિયદર્શના પ્રબોધ, સુદર્શના સુબોધ, પ્રભુ મહાવીર દેવનો જીવક બોધ, પ્રિયદર્શના પ્રબોધ (બીજો), દેશી રાજાઓને શિક્ષા, અને સદ્‌ગુરૂ સ્વરૂપ—એ ગ્રંથો તો ખાસ વિસ્તારવાળા ને વાંચવા લાયક છે. ભાષા ગુજરાતી પદ્યબંધ છે. પૃષ્ટ ૩૮૫ થી ૪૦૮ સુધીનો વિભાગ સંસ્કૃત રચેલો છે. તે પણ વાંચવા

For Private And Personal Use Only

લાયક છે. અંતે શ્રી દેવચંદ્રજી મહારાજનો કરેલો શ્રી સિદ્ધાચળ મંડન આદિજિન સ્તવન રૂપ રત્નાકર પચ્ચીશીનો અનુવાદ દાખલ કર્યો છે. લીપી આરંભમાં પૃષ્ઠ ૩૨૨ સુધી ગુજરાતી રાખી છે, ત્યાર પછી શાસ્ત્રી રાખેલ છે. બુકનું પ્રમાણ જોતાં કિંમત રૂ. ૧-૮-૦ રાખેલ છે તે બહુજ ઓછી છે. કેટલાક ગૃહસ્થો તરફથી આર્થિક સહાય મળેલ છે, તેને લીધેજ કિંમત ઓછી રાખી શકાણી છે. મંડળ સારૂં ફંડ ધરાવતું નથી, પરંતુ સહાય મેળવીને પણ કામ બહુ વિશેષ કરે છે. બુક ખાસ વાંચવા લાયક છે. આત્માનું હિત કરે તેવી છે.

## ૪ ભજન પદ સંગ્રહ. ભાગ ૧૦ મો.

આ બુક પણ આચાર્ય શ્રી બુદ્ધિસાગરજીની કૃતિઓની તેજ મંડળ તરફથી બહાર પડેલી છે. તેમાં લીપી શાસ્ત્રીજ રાખવામાં આવી છે. વેરાવળનિવાસી એક ગૃહસ્થની સહાયથી છપાવેલ છે. કિંમત રૂ. ૧) રાખેલી છે. તેમાં ભજનો વિગેરે વસ્તુ ૧૯૧ છે. આરંભમાં વક્તવ્ય ( પ્રસ્તાવના ) પૃષ્ઠ ૧૦ માં લખેલ છે. ૧૯૧ વસ્તુ પૈકી અંતે ૭ વસ્તુ ગ્રંથસંક્ષિપ્ત છે. તેમાં શોકનિવારક ભાવના, સંઘ કર્તવ્ય અને મહા સમાજ કર્તવ્ય વિગેરે ખાસ વાંચવા લાયક છે. કોઈક ભજનો પણ અસર કરે તેવા છે. નિવૃત્તિએ વાંચવા તેમજ કંઠે કરવા લાયક છે.

## ૫ સાબરમતી ગુણ શિક્ષણ કાવ્ય.

આ બુક પણ તે આચાર્યશ્રીનીજ કરેલી અને તે મંડળેજ છપાવેલી છે. તેમાં પ્રસ્તાવના ૧૮ પૃષ્ઠમાં લખી છે, તે વાંચવાથી આ બુકની કૃતિ ઉપર સારૂં અજવાળું પાડે છે. બુકની અંદર સાબરમતીના પ્રવાહને અંગે અન્યોક્તિ તરીકે ઘણા શિક્ષણ દેવા યોગ્ય બાબતો બહુ વિસ્તારથી સમાવી છે. એકંદર ૭૦૭ પદ્ય છે. સંવત ૧૯૭૦-૭૨ માં બનાવેલ છે. સંવત ૧૯૭૩ માં છપાવેલ છે. વાંચવા લાયક છે. લીપી ગુજરાતી છે. કિંમત ૬ આના રાખી છે તે બુકના પ્રમાણમાં ઓછી છે. આ ઘણા પરિશ્રમ સાધ્ય ઉંચી કવિતા છે. તે સિવાય આવી કૃતિઓ બની શકતી નથી.

આ ત્રણે બુકો વકીલ મોહનલાલ હિમચંદ. પાદરા પત્ર લખીને મંગાવવી.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી જૈન યુવક પરિષદ્–ભાવનગર.

લગભગ ચાર માસથી ભરાવા નિર્ણીત થયેલી અને જૈન કોમમાં ઘણી ચર્ચાનો વિષય થયેલી આ પરિષદ્ ભાવનગરમાં જેઠ શુદિ ૧૩–૧૪–૧૫ તથા વદિ. ૧ તે ચાર દિવસ સુધી ભરાઇ છે. આ પરિષદ્‌ની સ્વાગત સમિતિના પ્રમુખ તરીકે ભાવનગરના જાહેર જીવનમાં રસ લેનાર **શા. કુંવરજી મુળચંદને** અને પરિષદ્‌ના પ્રમુખ તરીકે ઇગ્લાંડ જઇ આવી ઇકોનોમીના વિષયમાં નિપુણતા મેળવનાર બનારસ હિંદુ યુનીવર્સિટીના પ્રોફેસર **શા. નગીનદાસ જગજીવનદાસ** પી. એચ. ડી. ને પસંદ કરવામાં આવ્યા હતા. પરિષદ્‌માં એકંદર ૨૮ ઠરાવો પસાર કરવામાં આવ્યા છે. જેમાં પાછળના ૭ ઠરાવો પરિષદ્‌ના ભાવી બંધારણ વિગેરે તથા આભારસૂચક છે. પ્રથમના ઠરાવો તથા તે ઉપર થયેલા ભાષણો તપાસતાં યુવક બંધુઓએ બહુ નરમાશથી તથા દીર્ઘદ્રષ્ટિપૂર્વક કાર્ય કર્યું છે તેમ અમને લાગે છે. પરિષદ્‌માં ૧૨૫ લગભગ સ્વાગત સમિતિના મેંબરો થયા હતા, અને ૬૦ લગભગ પ્રતિનિધિઓ બહારગામથી આવેલા હતા. અન્ય માનનીય મેમાનો સાથે પરિષદ્‌ની બેઠકોમાં ચાલુ હાજરી ૨૫૦ થી ૩૦૦ ની રહેતી હતી. સન્મિત્ર મુનિરાજશ્રી કર્પૂરવિજયજીએ એક દિવસ પરિષદ્‌માં પધારી પોતાના વૈરાગ્યમય ઉપદેશથી સર્વને પ્રતિબોધ્યા હતા અને કુંવરજી આણંદજીએ બીજે ને ચોથે દિવસે ખરું બળ પ્રગટ કરવા માટે સમયોચિત ભાષણ કર્યું હતું.

પરિષદ્‌માં એક હાનિકારક રીવાજો નાબુદ કરવા માટે પ્રતિજ્ઞાપત્ર ઉપર ઇચ્છાનુસાર સહીઓ કરવામાં આવી છે. આવા પ્રતિજ્ઞાપત્રોથી ભવિષ્યમાં બહુ ફાયદો થવા સંભવ છે. પરિષદ્‌ના કાર્યકર્તા યુવક બંધુઓએ બહુ વિચારશીળ અને મનનીય ઠરાવો કર્યા છે, અને જે શાંતિ અને વિવેકપૂર્વક પરિષદ્‌નું બધું કાર્ય થયું છે તે જોતાં આ પરિષદ્ ભવિષ્યની બહુ સારી આગાહી આપે છે.

પરિષદ્‌નાં પ્રથમ દિવસે મંગળાચરણ, તારો તથા પત્રોના વાંચન બાદ સ્વાગત સમિતિના પ્રમુખ શા. કુંવરજી મુળચંદે પ્રતિનિધિઓને સત્કારતાં એક લંબાણ ભાષણ કર્યું હતું. તેમનું ભાષણ પૂરું થયા બાદ રીતસર પ્રમુખની ચુંટણી કરવામાં આવી હતી. પ્રમુખની ચુંટણી થયા પછી પ્રમુખે તેનું અનેક વિચારો બતાવતું અને અનેક દિશાઓ દર્શાવતું ભાષણ કર્યું હતું. ઉપસંહાર કરતાં તેમણે કહ્યું હતું કે—

"બંધુઓ! હવે હું આપ સર્વેનો ઝાઝો સમય રોકવા ઇચ્છતો નથી. જુદી જુદી બાબતો ઉપર હું ઘણું કહી ચુક્યો છું. હવે હું પરિષદને અંગે થોડાક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિચારો જણાવીશ. પરિષદ્‌નો હેતુ અને તેની સફળતાનો આધાર તેના કાર્યવાહકો ઉપર છે. આપણી કોમની ઉન્નતિ અર્થે આપણે ઘણાં કાર્યો કરવાનાં છે. આપણા સારા નસીબે આપણે વિદ્વાન, ઉત્સાહી, લાગણીવાળા અને નિઃસ્વાર્થ બુદ્ધિથી કાર્ય કરનાર યુવાનો મેળવી શકીએ તેમ છે. તે સાથે આપણે પુખ્ત વયના અને શ્રીમંત કોમહિતચિંતકોનો પણ ટેકો મેળવવાની જરૂર છે. કોમનું હિત દરેકને હૈડે હોયજ એ નિઃસંશય છે. વૃદ્ધ હો યા યુવાન હો, શ્રીમંત હો યા રંક હો, વિદ્વાન હો યા ઓછું ભણેલા હો, પરંતુ જૈન ધર્મના અનુયાયી તરીકે દરેક બંધુને જૈન કોમનું શ્રેય એકસરખી રીતે પ્રિય હોયજ. કોમનું હિત કેવી રીતે થઇ શકે તે દરેક સારી પેઠે સમજે છે, તેથીજ હું ખાત્રીથી માનું છું કે દરેક જૈન બંધુ તરફથી આ યુવક પરિષદ્‌ને જો તેના કાર્યમાં સારો ટેકો આપવામાં આવે તો ઘણું સારૂં કાર્ય થઇ શકે.

આધુનિક જમાનો એ પ્રગતિનો જમાનો છે. દરેક કોમ પોતાના સામાજિક હિતાર્થે વ્યવહારિક પ્રગતિ કરી રહી છે. આપણો સમાજ તેવી પ્રગતિના ક્રમમાં કાંઇક અંશે ધીમી ઝડપે આગળ વધે છે. આપણે નવયુગના પંથે ચાલી રહ્યા છીએ, આપણે હવે નવીન ભાવનાઓ પોષી તે મુજબ વર્તવું જોઇએ. આપણી કેટલીક કડવી રૂઢીઓ કે જે હાનિકારક હોવા ઉપરાંત પ્રગતિના ક્રમને અટકાવનાર રૂપ છે તેને નાબુદ કરવી જોઇએ. આપણા વિચાર અને મર્યાદાને સંકુચિત ન રાખતાં વિશાળ રાખવાં જોઇએ. સંપ અને સમૂહબળ જે દિનપ્રતિદિન ઘટતાં જાય છે તેને વધારવાં જોઇએ. આપણી નિત્યક્રિયામાં રહેલા ધાર્મિક ભાવો આપણા નિત્ય વ્યવહારમાં શુદ્ધ રીતે મૂકવા જોઇએ. આપણા મુનિમહારાજોએ કુસંપ અને કદાગ્રહોની વૃદ્ધિ થતી જાય છે તે અટકાવી સંપ વધારવો જોઇએ. કોમની સામાજીક ઉન્નતિના પ્રશ્નોને અગ્રસ્થાન આપવું જોઇએ. સમાજ જે જ્ઞાતિઓ અને પેટા જ્ઞાતિઓમાં વહેંચાઇ ગયો છે અને અરસપરસ વ્યવહારની પણ બંધી છે તે નાબુદ કરી જ્ઞાતિ અને પેટા જ્ઞાતિઓ વચ્ચે સંપ થઇ સંઘબળની એકતા થવી જોઇએ. આ રીતે આપણી ઉન્નતિ અર્થે આપણે ઘણું કરવાનું છે. હવે આપણે આપણી ફરજમાં તત્પર થવું જોઇએ. આપણે સઘળા ભગવાન શ્રી મહાવીરના પુત્રો છીએ. કેટલાક મતમતાંતરો ન ગણીએ તો આપણી બધાની માન્યતા એકજ છે. મોક્ષપ્રાપ્તિ એજ સૌનો અંતિમ સાધ્યહેતુ છે, માટે બંધુભાવની વિશાળ ભાવના સાથે આપણે સૌએ એકઠા મળી જૈન કોમના હિતાર્થે પ્રયત્નો કરવા જોઇએ.

બંધુઓ ! દરેક કાર્યમાં મુશ્કેલીઓ અને વિઘ્નો રહેલાં છે; છતાં હિંમત અને એકતાથી કાર્ય કરવામાં આવે તો ધારેલું કાર્ય આપણે સિદ્ધ થઇ શકે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. મને સંપૂર્ણ ભરૂસો છે કે આપણે આ જૈન યુવક પરિષદ્‌ની પ્રથમ બેઠકમાં આરંભેલું કાર્ય કોમ અને દેશને હિતકારી હોવાથી જો મક્કમપણે કરીશું તો જરૂર પરમાત્મા આપણને તેમાં સહાય કરશે અને આપણે તેમાં ફળીભૂત થઇશું. કાર્ય ધૈર્ય અને ખંતથી કરવાથી તેમાં સફળતા મેળવવામાં કદાચ વિલંબ પણ થાય; પરંતુ તેથી નાસીપાસ ન થતાં પ્રયત્ન કરવો અને આખરે વિજય મેળવી શકીશું. પ્રભુ શ્રી મહાવીરનું શાસન જયવંતુ વર્તો."

ત્યારપછી સબજેકટ કમીટીની નીમનોક થતાં પહેલા દિવસનું કાર્ય સંપૂર્ણ થયું હતું.

બીજે, ત્રીજે અને ચોથે દિવસે નીચે પ્રમાણે ઠરાવો પસાર થયા હતા. સ્થળસંકોચને લીધે દરેક ઠરાવને અંગે થયેલ ભાષણો વિગેરે વિસ્તારપૂર્વક લેવાનું અમારાથી બની શકયું નથી.

## ઠરાવ પહેલો—મહાત્મા ગાંધીજી વિષે શુભેચ્છા.

વર્તમાન યુગમાં અહિંસા અને સત્યના પ્રચારક મહાત્મા ગાંધીજી કારાગૃહવાસથી મુકત થયા અને ભયંકર બિમારીથી મુકત થઇ દેશકાર્યમાં પુનઃ પ્રવૃત્ત થયા તે માટે આ પરિષદ્ હર્ષ પ્રદર્શિત કરવા સાથે તેમને દીર્ઘાયુષ્ય અને સ્થાયી આરોગ્ય ઇચ્છે છે.

## ઠરાવ બીજો—મહાસભાની પ્રવૃત્તિ સાથે સહાનુભૂતિ.

અત્યારે સ્વરાજ્ય પ્રાપ્તિ અર્થે રાષ્ટ્રીય મહાસભા જે પ્રવૃત્તિઓ ચલાવી રહી છે તે સાથે આ પરિષદ્ પોતાની સહાનુભૂતિ દર્શાવે છે, અને તે પ્રવૃત્તિના ખાસ અંગ સ્વદેશી પ્રચાર અને અંત્યજોદ્ધાર વિગેરેના સંબંધમાં આ પરિષદ્ જણાવે છે કે ખાદીસ્વીકાર અહિંસામૂલક અને સ્વરાજ્યનો મુખ્ય સાધક હોઇને આપણે તેમજ મુનિમહારાજેએ ખાદી પ્રચારને ઉત્તેજન આપવું જોઇએ; અને અંત્યજોદ્ધાર અને રાષ્ટ્રીય શિક્ષણમાં પણ સૌ ભાઈઓએ બને તેટલી સહાય કરવી જોઇએ.

## ઠરાવ ત્રીજો—જૈન સંપ્રદાય વચ્ચે એકતા.

પરસ્પરના કલેશથી દરેક સંપ્રદાયને દિનપ્રતિદિન ઘસારો લાગતો જાય છે, તે વિચારતાં જૈનોના શ્વેતાંબર, દિગંબર અને સ્થાનકવાસી એ ત્રણ મુખ્ય સંપ્રદાયો વચ્ચે વૈમનસ્યનાં તત્વો ઘટે અને જેમ બને તેમ એકતા અને સહકારિતા વધે એવી ભાવના ફેલાય અને પ્રયત્નો શરૂ થાય એમ આ પરિષદ્ ઇચ્છા ધરાવે છે.

## ઠરાવ ચોથો—જૈન કોન્ફરન્સ.

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સે અત્યાર સુધી જૈન કોમની જે સેવા કરી છે તેની આ પરિષદ્ નોંધ લે છે અને આખી જૈન સમાજના જુદા જુદા વર્ગના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વ્યક્તિઓને પ્રતિનિધિત્વ મળવાના આશયવાળી તે કોન્ફરન્સ પોતાની પ્રવૃત્તિ પુનઃ શરૂ કરે તેમ આ પરિષદ્ ઇચ્છે છે.

નોટ:—આ ઠરાવની નકલ કોન્ફરન્સ ઓફીસને મોકલી આપવી.

## ઠરાવ પાંચમો—સંઘ બંધારણ.

જે જે ગામ કે શહેરના સંઘમાં બંધારણ કે વ્યવસ્થિતતા ન હોય ત્યાં બંધારણ અને વ્યવસ્થિતતા કરવા અને મતનું ધોરણ દાખલ કરવા માટે તે તે સ્થળના આગેવાનોને પ્રવૃત્ત થવા અને તે દિશાએ પરિષદથી બને તેટલી મદદ કરવા આ પરિષદ ઠરાવ કરે છે.

## ઠરાવ છઠ્ઠો—સ્વયંસેવક મંડળો.

સ્થળે સ્થળે સાધુ તેમજ અસાધારણ પ્રસંગે સેવા કરે તેવા જૈન સ્વયંસેવક મંડળો સ્થાપવાની આ પરિષદ ધારણા રાખે છે અને તેને પૂરેપૂરી મદદ આપવા માટે જૈન સમાજને વિનંતિ કરે છે.

## ઠરાવ સાતમો.

## જૈન તીર્થો સંબંધી શ્વેતાંબર દિગંબરની તકરારો.

જૈન તીર્થોના સંબંધમાં શ્વેતાંબર દિગંબર વચ્ચે લાંબા કાળથી ચાલી રહેલા કલેશમય ઝગડાઓને આ પરિષદ પસંદ કરતી નથી અને આ ઝગડાઓનો સદાને માટે અંત આવે તે માટે કોર્ટે જવાને બદલે શ્વેતાંબર અને દિગંબર સંપ્રદાયના આગેવાનોનો મેળાપ થાય અને જે જે તકરારી સવાલો હોય તેનો ફડચો કરવા માટે કોઇ પણ પ્રતિષ્ઠિત જૈન અગર જૈનેતર ગૃહસ્થોની નાની કમીટી કરીને તેને લવાદી સોંપે અને તેનો જે ફેસલો આવે તે બન્ને સંપ્રદાય કબુલ રાખે—આવી યોજનાનો જલ્દિથી અમલ થવાની જરૂર છે એમ આ પરિષદ આગ્રહથી જણાવે છે.

## ઠરાવ આઠમો—ધાર્મિક કેળવણી.

આપણામાં ધાર્મિક કેળવણીની જે મંદતા પ્રવર્તી રહેલ છે એ અતિ શોચનીય છે; વળી ધાર્મિક અભ્યાસ વધારે રસમય અને આકર્ષક બને એવી યોજના અને પાઠ્ય પુસ્તકો જલ્દિથી તૈયાર થવાની તથા આપણી પાઠશાળાઓ સુવ્યવસ્થિત કરવાની ખાસ જરૂર છે. આ દિશાએ સંગીન કાર્ય કરવાની આવશ્યકતા આ પરિષદ્ સ્વીકારે છે અને યુનિવર્સિટીનું ઉંચું શિક્ષણ પામેલા અને પામતા યુવાનોને ધાર્મિક સાહિત્યનું સંશોધન આદરવા આગ્રહ કરે છે.

## ઠરાવ નવમો—આરોગ્ય સુધારણા.

આપણી સમાજમાં મૃત્યુપ્રમાણ અસાધારણ છે અને આરોગ્ય સંપત્તિ બહુજ ખરાબ છે, તેથી જૈનસમાજનું અસ્તિત્વ બહુ ચિંતાજનક લાગે છે. આ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દિશાએ આપણી ઉપેક્ષા વૃત્તિનો ત્યાગ કરવાની, આરોગ્યશિક્ષણનો પ્રચાર કરવાની, બાળલગ્ન અટકાવવાની અને આપણો વિદ્યાર્થીવર્ગ અખાડા તથા રમતોવડે કસરતબાજ અને મજબુત બાંધાનો બને તેવી ગોઠણ કરવાની પરમ આવશ્યકતા છે. વળી આ પરિષદ્ એમ જણાવે છે કે આપણો વિદ્યાર્થી ભણતો હોય ત્યાંસુધી પરણે નહિ અને આદર્શ બ્રહ્મચર્ય પાળે એવું આપણી સમાજે નિયમન કરવાની પણ એટલીજ અગત્ય છે.

## ઠરાવ દશમો—સ્વામીવાત્સલ્યશુદ્ધિ.

આપણાં સ્વામીવાત્સલ્ય, નોકારશી, સંઘ વિગેરે સામુદાયિક જમણવારો સામાન્યતઃ બહુ ગંદવાડ અને અસુઘડતાથી ભરેલાં હોઇને જૈન નામને શરમાવનારાં હોય છે, તેમાં તાત્કાલિક સુધારો કરવા માટે આ બાબત સર્વ યુવકવર્ગે ઉપાડી લેવાની ખાસ જરૂર છે.

## ઠરાવ અગીયારમો—જીર્ણમંદિરોદ્ધાર.

અત્યારે ઉંચી કળા અને કારીગરીને પ્રત્યક્ષ રજુ કરતાં જુના મંદિરો જીર્ણ થતાં જાય છે તે વિચારતાં આ પરિષદનો એવો અભિપ્રાય છે કે જે શહેર અથવા ગામમાં એક અથવા એકથી વધારે મંદિરો હોય ત્યાં હાલ તુરતને માટે અસાધારણ કારણ સિવાય નવાં મંદિરો બંધાવવા યોગ્ય નથી, પણ તેને બદલે જીર્ણ થતાં મંદિરોની સંભાળ લેવાની ખાસ આવશ્યકતા છે.

## ઠરાવ બારમો—વ્યવહારિક કેળવણી.

આપણો આખો વર્ગ કેળવણીમાં બહુ પછાત છે તેથી તે સંબંધમાં આ પરિષદ્ નીચે પ્રમાણે અભિપ્રાય દર્શાવે છે અને જેમ બને તેમ જલ્દિથી તે દિશાએ સક્રિય પ્રવૃત્તિ આદરવા આ પરિષદ્ આશા ધરાવે છે.

(૧) આપણામાં એક પણ બાળક કે બાળિકા પ્રાથમિક શિક્ષણથી વંચિત ન રહેવાં જોઈએ.

(૨) આપણામાં વર્તી રહેલ ઉંચા શિક્ષણ માટેની મંદતા ઘટે અને બુદ્ધિશાળી વિદ્યાર્થીઓ સગવડના અભાવે અભ્યાસમાં આગળ વધતા અટકી ન જાય, માટે શિષ્યવૃત્તિ, વિદ્યાર્થીભુવન, વાંચનાલય આદિ સગવડો વધારવાની અને સાધનસંપન્ન વિદ્યાર્થીઓને અભ્યાસમાં આગળ વધવા માટે આગ્રહી બનાવવાની ખાસ જરૂર છે.

(૩) આપણો વર્ગ પ્રધાનતઃ વ્યાપારી છે, છતાં કોઈ પણ જાતનું વ્યાપારી શિક્ષણ પામ્યા સિવાય, બહુ નાની વયમાં પોતપોતાના વ્યાપારમાં જોડાઈ જવાની પ્રથા આપણામાં પ્રવૃત્તિ રહી છે, તેના બદલે ઉંચા વ્યાપારી શિક્ષણનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ક્ષાસ પામી આપણો યુવાન વર્ગ વ્યાપારમાં દાખલ થાય એ આપણી સમાજે ખાસ ધ્યાનમાં લેવાની જરૂર છે.

(૪) વ્યાપાર સિવાય હુન્નર ઉદ્યોગ, ખેતીવાડી આદિ વૈજ્ઞાનિક વિષયોમાં આપણામાં જે ઉપેક્ષા ભાવ પ્રવર્તી રહેલ છે તે સત્વર દૂર કરી તે તે વિષયોના અભ્યાસને ઉત્તેજન અપાવાની આવશ્યકતા છે.

(૫) આપણા સ્ત્રીવર્ગની શિક્ષણ વિષયક પછાત સ્થિતિ આપણી વર્તમાન અવનતિનું એક બળવાન કારણ છે, તેથી તે ક્ષેત્રમાં બને તેટલા પ્રયત્નોની પણ તેટલીજ જરૂર છે.

## ઠરાવ તેરમો—લગ્ન નિયમન.

આપણી સમાજની વર્તમાન સ્થિતિ વિચારતાં લગ્નસંબંધમાં નીચેના નિયમોનો જેમ બને તેમ જલ્દિથી અમલ થવાની જરૂર છે.

(ક) કોઇપણ કન્યાની ઉમ્મર ચૌદ વર્ષ પૂરા થયા પહેલાં અને કોઇ પણ વરની ઉમ્મર અઢાર વર્ષ પૂરા થયા પહેલાં લગ્ન થવું જોઇએ નહિ.

(ખ) પીસ્તાળીશ વર્ષ ઉપરની ઉમ્મરના પુરૂષને લગ્ન કરવાનો સખ્ત પ્રતિબંધ થવો જોઇએ, અને તેવાને કોઇએ કન્યા આપવી જોઇએ નહિ.

(ગ) કન્યાવિક્રય મૂળમાંથી નાબૂદ થવો જોઇએ.

(ઘ) કૌટુમ્બિક સ્થિતિના રક્ષણ અને સહિસલામતિ ખાતર પડલાની પદ્ધતિ દરેક જ્ઞાતિએ સ્વીકારવી જોઇએ.

(ઙ) એક સ્ત્રીની હયાતીમાં બીજી સ્ત્રી કરવી ન જોઇએ.

(આ દરખાસ્તને અંગે ઉપર પ્રમાણેના પ્રતિજ્ઞાપત્ર જુદાં બહાર પાડવામાં આવ્યા હતા અને તેમાં ઘણા ગૃહસ્થોએ સહી કરીને પ્રમુખ પાસે રજુ કર્યા હતા.)

## ઠરાવ ચૌદમો—મંદિરોમાં અશુદ્ધ વસ્તુઓનો ઉપયોગ.

આપણાં પવિત્ર મંદિરોમાં વપરાતી જે જે વસ્તુઓની બનાવટમાં અગર શુદ્ધિકરણમાં ત્રસ જીવોની હિંસાની સંભાવના રહેતી હોય તેવી વસ્તુઓની વપરાશ બંધ કરવા જૈન બંધુઓને આ પરિષદ્ સૂચના કરે છે.

## ઠરાવ પંદરમો- જૈનપત્રો અને પત્રિકાઓ.

જાહેર પત્રો અને પત્રિકાઓને સમાજ જીવન સાથે ગાઢ સંબંધ હોવાથી કોઈ પણ વિષય ઉપર ચર્ચા કરતાં નીચેના ચાર મુદ્દા ઉપર ખાસ લક્ષ્ય આપવા આ પરિષદ્ જૈનપત્રો અને પત્રિકાઓ પ્રગટ કરનારાઓને ખાસ ભલામણ કરે છે.

(૧) સમાજમાં વિખવાદ ઉત્પન્ન થાય તેવી ચર્ચા કરવી ન જોઇએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૨) ચર્ચામાં અંગત ટીકા ન હોવી જોઇએ.

(૩) ચર્ચાના વિષય માટે પ્રથમથી તપાસ કરવી જોઇએ.

(૪) કોઇ પણ વિષય ચર્ચતાં ગલીચ અને વિવેકહીન ભાષાનો કદિ ઉપયોગ થવો ન જોઇએ.

## ઠરાવ સોળમો—વિચાર સ્વાતંત્ર્ય.

આ પરિષદ્નો ચોક્કસ અભિપ્રાય છે કે દરેક વિચારકને પોતાના અભ્યાસ અને અવલોકનના પરિણામે સ્વતંત્ર વિચારો પ્રગટ કરવાનો સંપૂર્ણ અધિકાર છે અને આ પરિષદ્ જણાવે છે કે આવા અધિકારનો રોધ કરનાર કોઇપણ સંઘની કોઇ પણ પ્રવૃત્તિને આ પરિષદ્ જરાપણ સંમત થતી નથી.

## ઠરાવ સતરમો—જૈનસાહિત્ય સંશોધન.

જૈન સાહિત્યનું સંશોધન સુલભ થાય તે માટે એક સમૃદ્ધ જ્ઞાનમંદિર ગુજરાત કાઠીઆવાડના કોઇપણ મુખ્ય શહેરમાં સ્થાપવાની જરૂર આ પરિષદ્ જાહેર કરે છે.

## ઠરાવ અઢારમો.

## જૈનેતર લેખકોના જૈનવિષયક ખેદજનક લખાણો.

કેટલાક જૈનેતર વિદ્વાનો અને કેટલાક જૈનેતર પત્રો જૈન ધર્મ અને ઇતિહાસનાં જ્ઞાનના અભાવે આપણા ધર્મ અને ઐતિહાસિક વ્યક્તિઓના માટે જે નિંદાત્મક લખાણ કરે છે તે સામે આ પરિષદ્ પોતાનો વિરોધ જાહેર કરે છે.

## ઠરાવ ઓગણીશમો—જૈન સાધારણ ફંડની આવશ્યકતા.

આપણી અવનતિનું મૂળ કારણ સમાજમાં પ્રવર્તી રહેલ નિરૂદ્યમીપણું અથવા ગરીબાઇ છે, તે દૂર કરવા માટે સમાજની દરેક વ્યક્તિને આ દિશામાં સહાય આપવા અન્ય કોમની જેમ વિશાળ ફંડ ઉત્પન્ન કરવાની આ પરિષદ્ આવશ્યકતા સ્વીકારે છે.

## ઠરાવ વીશમો.

## પાલીતાણાની ધર્મશાળામાં યાત્રાળુઓને અગવડ.

શ્રી શત્રુંજય તીર્થની યાત્રા માટે જૈન બંધુઓ મોટી સંખ્યામાં પાલીતાણા આવે છે. ધર્મશાળાના લાલચુ મુનીમો ગરીબ જૈનબંધુઓને છતી જોગવાઇએ ઉતરવાની મુદ્દલ સગવડ આપતા નથી અને યાત્રાળુઓ બહુ હેરાનગતિ અનુભવે છે, તો ધર્મશાળા બંધાવનારા ઉદારચિત્ત જૈન ગૃહસ્થોએ પોતાની ધર્મશાળાનાં દ્વારો દરેક બંધુ માટે હમેશાં ઉઘાડા રાખવાની પોતાના મુનીમોને સૂચના કરવા આ પરિષદ્ તે ગૃહસ્થોનું ખાસ લક્ષ્ય ખેંચે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ઠરાવ એકવીશમો—વિધવાઓ પ્રત્યે સહાનુભૂતિ.

આ પરિષદ આપણી સમાજની વિધવાઓ તરફ સંપૂર્ણ માનની નજરથી જુએ છે અને તેઓને ગૃહઉદ્યોગના શિક્ષણમાં તથા તેમનાં જીવનસાધનમાં સગવડો કરી આપવા ખાસ આગ્રહ કરે છે.

## ઠરાવ બાવીશમો—પરિષદ્ બંધારણ.

(૧) આ પરિષદનું નામ "શ્રી જૈન યુવક પરિષદ્" રાખવામાં આવે છે. "નવી ભાવનાઓ સ્વીકારનાર અને સેવા વૃત્તિ ધરાવનાર કોઈ પણ વ્યક્તિને યુવક ગણવામાં આવશે.

(૨) ઉદ્દેશ—જૈનસમાજની ધાર્મિક અને વ્યવહારિક ઉન્નતિના ઉપાયો યોજવા, તે અમલમાં મૂકવા અને ધર્માનુકૂળ રાષ્ટ્રીય પ્રવૃત્તિઓમાં બને તેટલી સહાય કરવી.

(૩) આ પરિષદના બધા અંગોમાં સભ્ય થનાર જૈનશ્વેતાંબર મૂર્તિપૂજક અને તે સોળ વર્ષ ઉપરની ઉમરનો હોવો જોઇએ.

આ ઉપરાંત પરિષદના બંધારણને અંગે બીજી ૬૪ કલમો છે. તે સ્થળ-સંકોચના કારણથી અમે અહીં લઈ શકયા નથી.

ઠરાવ ૨૩-૨૪-૨૫ પરિષદની સ્થિતિ, કાર્યવાહી કમીટીની નીમનોક અને પ્રથમ વર્ષમાં કરવા ધારેલા કાર્યોને અંગે થયેલા છે. અને ઠરાવ ૨૬-૨૭-૨૮ પોતાના કાર્યથી સંતોષ આપનાર સ્વયંસેવકોનો, મકાન વિગેરેની સગવડ આપનારાઓનો તેમજ પ્રમુખસાહેબનો આભાર માનવાને લગતા કરવામાં આવ્યા છે.

આવતી પરિષદ્ માટે મુંબઈના પ્રતિનિધિ બંધુઓ તરફથી આમંત્રણ મળ્યું છે. જેનો સહર્ષ સ્વીકાર કરવામાં આવ્યો છે.

પરિષદમાં ઘણા ઠરાવો ઉપર વક્તાઓ તરફથી સુંદર પણ સમયાનુસાર ટુંકા વિવેચનો થયા હતા અને અમોલિક કેટલાક ઠરાવો પરિષદની વિષય નિર્ણાયક સમિતિએ પડતા મૂકયા હતા.

આ પરિષદને અંગે જે કાર્યવાહી મંડળ નીમવામાં આવ્યું છે, તેની ફરજ છે કે બની શકે તેટલા પરિષદના ઠરાવો અમલમાં આવે તેવો તેમણે પ્રયત્ન કરવો. પરિષદની દેખરેખ નીચે જુદે જુદે સ્થળે સ્વયંસેવક મંડળો અને પરિષદ્ મંડળો સ્થપાય અને તે તે સ્થળે સેવાના અને ઐક્યતા તથા ધર્મવૃદ્ધિના તત્ત્વો ફેલાય તેવો પ્રયત્ન કરે તો આ પરિષદના કાર્યકર્તાઓની મહેનત સફળ થાય અને જૈન કોમમાં વિશેષ જાગૃતિ આવવા સાથે જૈન કોમ વિશેષ બળવત્તર, સ્વાવલંબી અને મજબુત બને. પરિષદનું આ ઉજ્વળ આશાવંત ભવિષ્ય તેનું નીવડો એવી અમારી પરમાત્માને પ્રાર્થના છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## રિપોર્ટની પહોંચ

### ૧ મુંબઈ ઇલાકાની જૈનોની વસ્તી વિષયક દશા.-સને ૧૯૨૧

પ્રસિદ્ધકર્ત્તા—નરોત્તમદાસ ભવાનદાસ શાહ.

આ રિપોર્ટમાં જુદી જુદી બાબતોના આંકડાઓ આપી વાંચનારને અસર કરે તેવી હકીકત બતાવી આપી છે. ખાસ વાંચીને વિચાર કરવા લાયક છે. સને ૧૯૧૧ માં જૈનોની કુલ વસ્તી આખા હિંદુસ્તાનમાં ૧૨૪૮૧૮૨ ની હતી તે સને ૧૯૨૧ માં ૧૧૭૮૫૯૬ની રહી છે. સુમારે ૭૦ હજાર જેટલી ઘટી છે. તેના કારણ વિચારવાની આવશ્યકતા છે. કેળવણી લીધલાની સંખ્યા મૂળમાં ઓછી છે, અને તે પણ ફરીથી વધારે ઘટેલ છે. તે બાબત પણ ધ્યાન આપવા યોગ્ય છે. કોમની ઉન્નતિનો આધાર ખાસ કરીને કેળવણી ઉપર છે, માટે તેમાં જેમ વૃદ્ધિ થાય તેમ પ્રયાસ કરવા યોગ્ય છે. પ્રસિદ્ધ કર્ત્તાનો પ્રયાસ સ્તુત્ય છે, કોમ પ્રત્યે લાગણીવાળો છે. તેને ટેકો આપવાની આવશ્યકતા છે. રિપોર્ટ મંગાવવા ઇચ્છનારે ૧૨૫—મેમણવાડા રોડ મુંબઇ પત્ર લખવો.

### ૨ શેઠ સારાભાઇ વીરચંદ દીપચંદ એજ્યુકેશન સ્કોલરશીપ ફંડનો સને ૧૯૨૩ નો રિપોર્ટ.

આ ખાતામાંથી આ વર્ષે રૂ ૧૧૧૦) સ્કોલરશીપ તરીકે આપ્યા છે ને રૂ ૬૦) બીજા ખર્ચના ઉધર્યા છે. ખાતાની મુંડી રૂ ૬૪૦૦૦)ની છે. તેના વ્યાજની આવકનો વિચાર કરતાં ખર્ચ વધારે કરવામાં વાંધા જેવું જણાતું નથી. સહાયને અભાવે કેળવણી લેનારની સંખ્યામાં ઘટાડો થતો જાય છે; તેથી આશા છે કે આ સૂચના ઉપર તે ખાતાના ટ્રસ્ટી સાહેબો ને સેક્રેટરી વકીલ હરીલાલભાઇ મંછારામ ધ્યાન આપશે.

### ૩ શ્રી જૈન શ્વેતાંબર મદદ ફંડનો સને ૧૯૨૩ નો રિપોર્ટ.

આ ખાતામાંથી સ્કોલરોને, તથા ગરીબોને રૂ ૧૫૩૬) આપવામાં આવ્યા છે, બીજો ખર્ચ રૂ૬૦)નો થયો છે. આવક તરીકે તો પ્રોમીસરી નોટના વ્યાજના રૂ. ૧૨૨૬) આવ્યાનું જણાવ્યું છે. પ્રોમીસરી નોટ રૂ ૬૫૦૦૦) ની છે; તેથી વ્યાજ આવવું બાકીમાં હશે એમ જણાય છે. આવા ખાતાની બહુજ આવશ્યકતા છે, કારણકે આપણી કોમમાં ગરીબ વર્ગ પણ ઘણો દૃષ્ટિએ પડે છે. જેમ બને તેમ સારૂં વ્યાજ ઉપજાવી વધારે સહાય આપવવાની આવશ્યકતા છે. એ બાબત એ ખાતાના કાર્યવાહકોને તેમજ સેક્રેટરી વકીલ હરિલાલભાઇ મંછારામને સૂચવવું યોગ્ય લાગે છે.

### ૪ શ્રી મહુવા પાંજરાપોળનો રિપોર્ટ.

સં. ૧૯૭૮ ના માહા શુદિ ૧ થી સં. ૧૯૮૦ ના માહ શુદિ ૧ સુધીનો.

આ બે વર્ષનો રિપોર્ટ વાંચતાં તેની અંદર બે વર્ષમાં ઉપજના રૂ ૬૨૦૧) છે અને ખર્ચ રૂ ૯૭૫૪) નો થયેલ છે. એટલે રૂ ૩૬૫૩) નો ખાડો પડ્યો છે. તેથી એકંદર સરવૈયામાં સાડા નવહજારનું દેવું થયેલું છે. તેમાં ૭ હજાર

For Private And Personal Use Only